RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૧૨  મંગળવાર તા.૦૮-૦૯-૨૦૨૬  અંક : ૨૧૨ વર્ષ : ૨૧  jamnagar@aaspassaindia.com  કિંમત રૂ. ૨-૫૦  પાના - ૮

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# NAMO 4VIKSIT BHARAT

@VADODARA



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદીના
## વરદ હસ્તે વડોદરા ખાતે
# ₹ ૩૫,૨૦૦ કરોડથી વધુના

**જન-કલ્યાણકારી- બહુઉદ્દેશી વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત**

**તારીખ : ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ | સમય: સવારે ૧૦:૩૦ વાગે**

સ્થળ: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પેવેલિયન ગ્રાઉન્ડ , વડોદરા

## માનનીય વડાપ્રધાનશ્રીને "સ્વચ્છતા થી સ્વાગત" થકી આવકારે છે ગુજરાત

### લોકાર્પણ

વડોદરા-પૂર્વના ૧.૧૦ લાખ નાગરિકોને પીવાનું પાણી મળતાં આરોગ્ય અને જીવનધોરણ ઉન્નત બનશે

આજવા ખાતે ૧૫૦ એમએલડી ક્ષમતા ધરાવતા નવા જળ ઈન્ટેકથી ભવિષ્યની જરૂરિયાત પૂરી થશે

ખાનપુર સેવાસી ખાતે ૨૭૦ નવાં આવાસથી ઘરનું સ્વપ્ન થયુ સાકાર.

ભરુચ જિલ્લામાં જંબુસર-ટંકારી-દેવના રોડના પુન: બાંધકામથી માળખાગત સુવિધામાં વધારો થશે

મહીસાગર જિલ્લામાં કડાણા ડેમ પર ૧૧૦ મે.વો. ક્ષમતાના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટથી ગ્રીન ગ્રોથને વધુ ગતિ મળશે

વડોદરાથી ટાંડા રોડ (મધ્ય પ્રદેશ) વચ્ચે નવી ટ્રેનની શરૂઆતથી કનેક્ટિવિટી વધશે

### ખાતમુહૂર્ત

રિંગ રોડ ફેઝ-૨ અંતર્ગત ૧૭.૫૬ કિ.મી. રોડ બનશે, જેનાથી નાગરિકોની સફર વધુ સુવિધાજનક બનશે

વિશ્વામિત્રી નદી ઊંડી કરવાના કામનું ખાતમુહૂર્ત

મહાનગરપાલિકાના નવા વહીવટી ભવનથી નાગરિકોને જનસુવિધાઓ સરળતાથી મળશે

વડોદરા રેલવે સ્ટેશનનાં પ્લેટફોર્મ નં. ૭ પર બુલેટ ટ્રેન સ્ટેશનના થકી શહેરને મળશે હાઈ-સ્પીડ કનેક્ટીવિટી

આજવા સફારી પાર્ક અને કમાટી બાગમાં મગર આકારનો પુલ આપશે વડોદરાને નવી વૈશ્વિક ઓળખ.

**"વડોદરાનો આ સર્વાંગી વિકાસ એ માત્ર એક શહેરની પ્રગતિ નથી, પરંતુ તે ગુજરાતની ગતિ અને 'વિકસિત ભારત' ના ભવિષ્યની મજબૂત આધારશિલા છે."**

**હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

GUJARAT'S GROWTH
INDIA'S FUTURE.



# દ્વારકાધીશ જગતમંદિરમાં કાળિયા ઠાકોરના પરપઉમાં જન્મોત્સવની ભવ્ય ઉજવણી

## ઠાકોરજીને ખુલ્લા પડદે અભિષેક કરાયો, રાત્રિના બારના ટકોરે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કીના ગગન ચુંબી નાદથી ભક્તો ઝૂમી ઉઠ્યા






દ્વારકા : પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે શ્રાવણી અષ્ટમી એટલે કે જન્માષ્ટમી પર્વના પાવન અવસરે કાળીયા ઠાકોરના સવારે ખુલ્લા પડદે સ્નાન અભિષેક કરવામાં આવ્યા હતા. જેના દર્શનનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. તેમજ જન્માષ્ટમીની રાત્રે હજારો ભાવિકોના ઘોડાપુરમાં જય મુરલીધર જય દ્વારકાધીશ જય રણછોડ માખણચોરના ગગનચુંબી જયઘોષ સાથે શ્રીકૃષ્ણ ભગવાનના પરપઉમાં જન્મોત્સવની ભકિતમય માહોલમાં રાત્રિના ૧૨ના ટકોરે શ્રી દ્વારકાધીશજીના ત્રૈલોકય સુંદર જગતમંદિરમાં જળહળતી રોશની વચ્ચે સમગ્ર દ્વારકા નગરી તેમજ બહારથી પધારેલ કૃષ્ણભકતોના માનવ મહેરામણની ઉપસ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ ઉત્સવ ઉજવાયો હતો. નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી ના ગગનભેદી નાદ સાથે જન્માષ્ટમી પર્વની ભવ્ય ઊજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે પાવન અવસરે હજારો ભાવિકોએ પવિત્ર ગોમતી સ્નાનનો પણ લાભ લીધો હતો.

રાત્રિના ૧૨ ના ટકોરે જન્મોત્સવ આરતીમાં રાજકીય અગ્રણીઓ તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિકારીગણ તેમજ દેવસ્થાન સમિતિના વહીવટદાર, દ્વારકાધીશજીનો પૂજારી પરિવાર તેમજ હજારો કૃષ્ણભકતોની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો. ભાવિકો માટે સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શહેરભરમાં વિવિધ સ્થળોએ નિઃશુલ્ક ચા-નાસ્તા-ફળાહારની સુંદર વ્યવસ્થાઓ પણ યોજવામાં આવી હતી. શ્રીકૃષ્ણ જન્મોત્સવનું લાઈવ ટેલીકાસ્ટ વિવિધ ચેનલો દ્વારા કરાયું હતું તેમજ દેશ વિદેશના ભાવિકોને જન્મોત્સવનો લહાવો મળી રહી તે હેતુ જગતમંદિરની ઓફીશીયલ વેબસાઈટ તેમજ સોશ્યલ મીડીયાના વિવિધ પ્લેટફોર્મસ પરથી લાઈવ ટેલીકાસ્ટ કરાયું હતું જેનો લાભ કરોડો ભાવિકોએ વિવિધ ઓનલાઈન માધ્યમથી લીધો હતો. જન્માષ્ટમી પર્વના બીજા દિવસે એટલે કે શનિવારના શ્રાવણ વદ નૌમના સવારે ભગવાન દ્વારકાધીશના પારણા નૌમનો ઉત્સવ મનોરથ દ્વારકાધીશ જગતમંદિરમાં પરંપરાગત રીતે ઊજવવામાં આવ્યો હતો. ભગવાનના બાલસ્વરૂપને ઝુલામાં ઝુલાવવામાં આવ્યા હતા. બાદમાં ભગવાન દ્વારકાધીશને અન્નકુટ મનોરથ યોજાયો હતો.

## જામજોધપુરના મોટી ગોપ નજીક મહાદેવના દર્શનાર્થી પરિવારને નડ્યો અકસ્માત

### રિક્ષા પલ્ટી જતાં વૃદ્ધનું કમકમાટીભર્યું મોત પુત્ર અને જમાઈ ઈજાગ્રસ્ત

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોટી ગોપ નજીક ગોપનાથ મહાદેવના દર્શન કરી પરત ફરતી વેળાએ દર્શનાર્થી પરિવારને અકસ્માત નડ્યો હતો. રિક્ષા પલટી જતાં પરિવારની નજર સામે જ વૃદ્ધનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે પુત્ર અને જમાઇ ઈજાગ્રસ્ત બનતા તેઓને હોસ્પિટલ ખસેડાયા છે.

મસીતીયા રોડ દરેડ ખાતે રહેતા જયશ્રીબેન સુનીલભાઇ રાઠોડ અને તેના પરીવારના સભ્યો તહેવાર નિમિત્તે અમરશીભાઇ મંગાભાઇ સાગઠીયા (રહે.દરેડ) ની રિક્ષા લઈને ઘરેથી મોટી ગોપ ગામ નજીક ડુંગર ઉપર આવેલા ગોપનાથ મહાદેવના મંદિરે દર્શન અર્થે ગયા હતા. દર્શન કરી પરત આવતા હતા ત્યારે તા.૦૫ના રોજ બપોરે ગોપનાથ મહાદેવ મેંદીર ડુંગર જતા રસ્તા ઉપર આરોપીએ રીક્ષા બેફીકરાઈથી ચલાવી કાબૂ ગુમાવી દેતા રીક્ષા પલ્ટી ગઇ અને અકસ્માત સર્જાયો હતો. જેમાં રિક્ષામાં સવાર ખીમજીભાઈ મનજીભાઈ ચૌહાણ (ઉં.વ.૬૫) રિક્ષા નીચે દબાઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તેમને લાલપુરની સરકારી હોસ્પિટલમાં લઈ જવાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જ્યારે જયશ્રીબેનના પતિ સુનિલભાઈને માથા તથા શરીરે ઈજાઓ થઈ હતી. ફરિયાદીના ભાઈ દિલીપભાઈને ડાબા પગમાં ગંભીર ઈજા થઈ હતી. પરિવારના અન્ય સભ્યોને પણ સામાન્ય ઈજાઓ થઈ હોવાથી ૧૦૮ મારફતે તમામને લાલપુર સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાંથી સુનિલભાઈ અને દિલીપભાઈને વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા.જયશ્રીબેનની ફરિયાદના આધારે પોલીસે રિક્ષા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરના શંકરટેકરીમાં જન્માષ્ટમીની રાત્રે પોલીસની સ્પેશ્યલ કોમ્બિંગ ડ્રાઈવ

### ૪૩ લિટર દેશી દારૂ જપ્ત : ૬૫ વાહનો ચેક કરી ૧૦ વાહનચાલકો પાસેથી દંડ વસૂલાયો





જામનગર : જન્માષ્ટમીના તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ પ્રોહિબિશનના ધંધાર્થીઓ, જાણીતા જુગારીઓ અને ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શખ્સો પર કડક નજર રાખવાના ભાગરૂપે જામનગરના શંકરટેકરી વિસ્તારમાં સીટી-સી ડિવિઝન પોલીસે મોડી સાંજે સ્પેશ્યલ કોમ્બિંગ ડ્રાઈવ હાથ ધરી હતી. જે વેળાએ ૪૩ લિટર દેશી દારૂ સાથે રૂ.૮,૬૦૦નો મુદ્દામાલ જપ્ત સાથે ૬૫ વાહનો ચેક કરી ૧૦ વાહનચાલકો પાસેથી રૂ.૪ હજારનો દંડ વસૂલાયો હતો.

શહેરના શંકરટેકરી વિસ્તારમાં વિવિધ સ્થળોએ કોમ્બિંગ દરમિયાન પોલીસે દેશી દારૂના ધંધાર્થીઓના સ્થળે તપાસ કરતાં કુલ ૪૩ લિટર દેશી દારૂ, કિંમત રૂ.૮,૬૦૦નો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે પ્રોહિબિશનના ૪ કેસ, જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) હેઠળ ૨ કેસ તેમજ એમ.વી. એક્ટ કલમ ૧૮૫ હેઠળ ૧ કેસ નોંધ્યો હતો. આ ઉપરાંત પોલીસે મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા ૨ આરોપીઓ, એમસીઆર હેઠળના ૧૭ શખ્સો, પ્રોહિબિશનના બુટલેગર-ધંધાર્થી તરીકે ઓળખાતા ૪ શખ્સો, જાણીતા જુગારી ૩ તેમજ ટપોરી તરીકે ઓળખાતા ૫ ઈસમોની ચકાસણી કરી હતી. વધુમાં કુલ ૬૫ વાહનોની તપાસ દરમિયાન ડાર્ક ફિલ્મ, ફેન્સી નંબર પ્લેટ, લાઈસન્સ સાથે નહીં રાખવા તેમજ નંબર પ્લેટ વગરના વાહનો સહિતના નિયમભંગ બદલ ૧૦ વાહનચાલકો સામે પાવતી કરી રૂ.૪,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. જયારે એમ.વી. એક્ટની કલમ ૨૦૭ હેઠળ ૩ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા.

## જામનગરના શંકરટેકરીમાં દારૂ મળતો હોવાનો વીડિયો વાઈરલ કરનાર શખ્સ ઝડપાયો

### હું દારૂના નશામાં બોલી ગયો હતો, વધૂ એક વીડિયોમાં આરોપીએ કબૂલાત કરી



જામનગર : જામનગરમાં દારૂબંધીની અમલવારી અને પોલીસની કામગીરીને પડકાર ફેંકતો વીડિયો વાયરલ કરનારા શખ્સના તેવર બદલાયા છે. આરોપીએ વીડિયો વાયરલ કરી ખુલ્લેઆમ દારૂ મળતો હોવાની વાત કરી હતી. જે હવે ખોટી હોવાનું ગણાવી આરોપીએ પોલીસની માફી માંગી લીધી હતી. જેને લઈને જાણકારોમાં અનેક ચર્ચા જાગી છે.

શહેરના શંકરટેકરી નવી નિશાળ પાસે કરીમભાઈ વેલ્ડિંગવાળાની ગલીમાં રહેતા સદામહુશેન આદમભાઈ ખીરાએ તાજેતરમાં દારૂના નશામાં એક વીડિયો બનાવી દારૂબંધીની અમલવારી મામલે બફાટ કર્યો હતો. શંકર ટેકરી વિસ્તારમાં જોઈએ તેટલો દારૂ મળે છે તેવી વાત કરી હતી. જે વીડિયો વાયરલ થયા બાદ પોલીસ દોડતી થઈ હતી અને તેના રહેણાંક મકાનેથી ૧૩ બોટલ દારૂ સાથે આરોપીને પકડી પાડ્યો હતો. કાયદાકીય કાર્યવાહી બાદ આરોપીને ભાન થતાં તેને પોલીસની માફી માંગતો વીડિયો વાયરલ કર્યો હતો. જેમાં પોતે દારૂના નશામાં હોવાથી આ પ્રકારનો વીડિયો વાયરલ કર્યો હોવાની કબૂલાત આપી માફી માંગી લીધી હતી.

## જામનગરમાં જુગાર રમતા પાંચ મહિલા સહિત ૧૦ પત્તાપ્રેમીને ઝડપી લીધા



જામનગર : જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા સ્ત્રી-પુરુષ સહિત કુલ ૧૦ શખ્સોને જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, મોટરસાઈકલ તથા મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧,૨૭,૭૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર એલ.સી.બી.ના પોલીસ હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા તથા ભયપાલસિંહ જાડેજાને મળેલી ખાનગી બાતમીના આધારે ગોકુલનગર શેરી નં.૩-૪, રમેશ હાર્ડવેરવાળી શેરી ખાતે જાહેરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં જુગાર રમતા ઈમ્તિયાઝ સબીરભાઈ પઠાણ, હરેશભાઈ નાનજીભાઈ ધંધુકિયા, રાજુભાઇ ઘેલાભાઇ ઝિંઝુવાડીયા, રવિભાઈ અશોકભાઈ રાઠોડ, હસુભાઈ નાનજીભાઇ ધંધુકિયા, વિશાભાઈ હંસરાજભાઈ લુદરીયા, રવિનામાસી ગુરુ જ્યોત્સનાબેન પાટડીયા, જયાબેન વિશાભાઈ લુદરીયા, ભારતીબેન સોહીલભાઈ પાટડીયા અને પ્રિયાબેન ભીમાભાઈ મથરનો સમાવેશ થાય છે.

પોલીસે સ્થળ પરથી રોકડ રૂ.૪૭,૨૦૦, એક મોટરસાઈકલ કિંમત રૂ.૬૦,૦૦૦ તથા પાંચ મોબાઈલ ફોન કિંમત રૂ.૨૦,૫૦૦ મળી કુલ રૂ.૧,૨૭,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## ધ્રોલ-જોડિયા માર્ગે જનરેટરની ચોરી કરનાર સગીર સહિત પાંચ ઝડપાયા

### બાઈક, છકડો રીક્ષા, હથોડો, ટોમી, છીણી સહિત રૂ.૭.૪૧ લાખનો મુદામાલ જપ્ત




જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ-જોડીયા રોડ પર બનતા ભારતમાલા હાઈવે પરના આરસીસી રોડ બનાવવાના મશીનમાથી જનરેટરની ચોરી થઇ હતી. આરોપીઓએ મશીનના સ્પેરપાર્ટ અલગ કરી વેંચવાની પેરવીમાં હતા એ અગાઉ જ પોલીસે કાર્યવાહી કરી આ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે અને ચોરીમાં સંડોવાયેલા એક સગીર સહિત ૫ શખ્સોને રૂ.૭.૪૧ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા.

ધ્રોલ પંથકમાં તા.૦૩ સપ્ટેમ્બરની રાત્રીના સમયે ધ્રોલ-જોડીયા રોડ બિલેશ્વર મહાદેવના મંદિર પાસે બનતા ભારતમાલા હાઈવે રોડ ઉપર આરસીસી રોડ બનાવવાના મશીનમાથી રૂ.૬ લાખની કિંમતના જનરેટરની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી. જે સીસીટીવી કેમેરા તથા ટેકનીકલ તથા હુમન સોર્સથી ધ્રોલ પોલીસ તપાસમાં હતી આ દરમિયાન આરોપીઓ એક બાઈક તથા એક છકડો રીક્ષા લઈને ભુચરીમોરી મેદાનની પાછળ આવેલા જેશલપીરની જગ્યા તરફથી ધ્રોલ તરફ આવતા હોવાની પોલીસને બાતમી મળતા સ્ટાફે ધ્રોલ શહિદવન પાસે વાહન રોકી આરોપી શબીર સલીમભાઈ કેર (ઉ.વ.૨૩ ધંધો મજુરી રહે-ચામુંડા પ્લોટ ધ્રોલ), ધનજી ભીખાભાઈ સોલંકી (રહે.ચામુંડા પ્લોટ, લતીપર ચોકડી પાસે, ધ્રોલ) અને અલ્ફાઝ સુલતાનભાઈ મકવાણા (રહે.ચામુંડા પ્લોટ ધ્રોલ તા.ધ્રોલ), તુલશી ઉર્ફે કલ્પેશ ધીરુભાઈ રાઠોડ (રહે.ધ્રોલ-જોડીયા રોડ એસ્સારના પેટ્રોલપંપ પાસે, ધ્રોલ) અને એક કિશોરને પકડી પાડયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી જનરેટરના સ્પેર પાર્ટસ, એક બાઈક, છકડો રીક્ષા, હથોડો, ટોમી, છીણી, વાયર કટીંગ કટર, પાના સહિત રૂ.૭.૪૧ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા.

## જિલ્લામાં સવંત્સરીના તહેવારોને અનુલક્ષીને હથિયારબંધી જાહેર

જામનગર : આગામી દિવસોમાં આવનાર સવંત્સરી જેવા તહેવારો અને ઉત્સવોની ઉજવણી દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતી તકેદારીના ભાગરૂપે સમગ્ર જિલ્લામાં આગામી તા.૧/૧૦ સુધી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિમલ ચૌધરી દ્વારા સમગ્ર જામનગર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ સમયગાળા દરમિયાન કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન, કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વગેરે પદાર્થો સાથે રાખવા કે લઈ જવા નહી, પથ્થરો અથવા ફેંકીને ઈજા પહોંચાડી શકાય કે સંપત્તિને નુકસાન કરી શકાય તેવી વસ્તુઓ કે ફેંકવાના/ધકેલવાના યંત્રો સાથે રાખવા નહી, માનવ, માનવ શબ કે માનવ આકૃતિઓ કે પૂતળાં દેખાડવાં નહી કે બાળવાં નહીં, અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં વિભત્સ સૂત્રો પોકારવા નહી, ગીતો ગાવાં નહી અને ટોળાંમાં ફરકવું નહી અને પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપિંગ મોલ, સિનેમા હોલ તથા એમ.પી. શાહ મ્યુનિસિપલ ટાઉન હોલમાં નહી પ્રવેશવાનો આવી તમામ પ્રવૃતિ પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિમલ ચૌધરી દ્વારા નિયંત્રણ લાદવામાં આવ્યા છે.

આ જાહેરનામાનાનો ભંગ કરનાર વ્યક્તિ સામે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ- ૩૭ (૧) મુજબ ઓછામાં ઓછી ૪ મહિના અને વધુમાં વધુ ૧ વર્ષ સુધીની કેદ તથા દંડની સજા કરવામાં આવશે.

આ જાહેરનામામાં ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીઓ, હોમગાર્ડ્ઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો ફરજ બજાવનાર, શારીરિક અશક્તિના કારણે લાઠી રાખવાની પરવાનગી મેળવેલ વ્યક્તિઓ, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓ, લગ્ન પ્રસંગે તલવાર રાખનાર વરરાજા તથા યજ્ઞોપવીત આપતું હોઈ તેવા બડવાઓને દંડ રાખેલ હોય, પોલીસ અધિક્ષક કે સક્ષમ અધિકારીની કાયદેસરની પરવાનગી ધરાવતી વ્યક્તિઓ અને કિરપાણ ધારણ કરનાર શીખ ધર્મીઓને આ સજાની જોગવાઈ લાગુ પડસે નહી તેમ જાહેરનામામાં જણાવાયું છે.

# ધ્રોલ પંથકના યુદ્ધભૂમિ ભુચરમોરી ખાતે ઉપમો શહીદ શ્રદ્ધાંજલિ સમારોહ યોજાયો

## સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા પરંપરાગત અશ્વ શો સ્પર્ધા અને તલવારબાજીનું આયોજન : વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાયા






ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ ઐતિહાસિક યુદ્ધભૂમિ ભૂચરમોરી ખાતે દર વર્ષે શીતળા સાતમના પર્વ નિમિત્તે ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ સમારોહનું આયોજન કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે રાજ્યસભાના સાંસદ કેશરીદેવસિંહ ઝાલાની અધ્યક્ષતામાં ૩૫માં શહીદ શ્રદ્ધાંજલિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં રાજ્ય શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા અને રાજ્ય મહેસૂલ મંત્રી સંજયસિંહ મહીડા તેમજ મહાનુભાવોએ શહીદ સ્મારક ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ તેમજ શૂરવીર જામ અજાજી, તેમના ધર્મપત્ની સુરજબા તેમજ ભૂચરમોરીના શહીદ વીરોનાં પાળિયાને નમન કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ ઐતિહાસિક યુદ્ધ ભૂમિ પર આ વર્ષે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જામનગર જિલ્લા રમત ગમત કચેરી દ્વારા ભૂચરમોરી વીરભૂમિ પરંપરાગત અશ્વ શો સ્પર્ધા અને તલવારબાજી ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલ વિજેતા ખેલાડીઓને મહાનુભાવોના હસ્તે ટ્રોફી અને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. ભૂચરમોરી શહીદ સ્મારક ખાતે નિર્મિત યુવા સંઘ સ્મૃતિ હોલનું મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ભૂચરમોરી શહીદ સ્મારક ટ્રસ્ટને જામરાજવી શત્રુશલ્યસિંહજી જાડેજા દ્વારા રૂ.૧૧.૫૧ લાખનું અનુદાન આપવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં રાજ્ય શિક્ષણમંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, ભૂચરમોરીનું યુદ્ધ સૌરાષ્ટ્રના ઈતિહાસમાં શૌર્ય, સ્વાભિમાન અને આશરા ધર્મના પાલનનું અદ્વિતીય પ્રતીક છે. શરણાગતની રક્ષા અને સ્વાભિમાનની જાળવણી માટે જામ સતાજીની સેના સાથે અનેક વીરોએ ભૂચરમોરીના મેદાનમાં પોતાના પ્રાણોની આહુતિ આપી હતી. આ વીરગાથા આજે પણ સૌરાષ્ટ્રની શૌર્ય પરંપરા અને સંસ્કૃતિનું ગૌરવપૂર્ણ પ્રતીક બની રહી છે. ભૂચરમોરી માત્ર ઐતિહાસિક સ્થળ નથી, પરંતુ આવનારી પેઢીઓને શૌર્ય, સ્વાભિમાન, કર્તવ્યનિષ્ઠા અને શરણાગતની રક્ષા જેવા મૂલ્યોની પ્રેરણા આપતી પવિત્ર વીરભૂમિ છે. આવા ઐતિહાસિક સ્થળો અને વીરપુરુષોની ગાથાને નવી પેઢી સુધી પહોંચાડવી એ આપણી સામૂહિક જવાબદારી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ વિકાસની નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યો છે. સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ કરવાની દિશામાં ગુજરાત પણ વિકાસના અનેક નવા આયામો સર કરી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર યુવાનો માટે શિક્ષણ, કૌશલ્ય, રોજગાર અને ઉદ્યોગ સાહસિકતાની નવી તકો ઊભી કરવા માટે સતત પ્રયત્નશીલ છે. ત્યારે હવે સમાજની પણ જવાબદારી છે કે કૌશલ્યવાન, શિક્ષિત, સંસ્કારી અને વ્યસનમુક્ત યુવા પેઢી તૈયાર કરીએ. વ્યસનમુક્ત, સંસ્કારી અને સંવેદનશીલ આજની યુવા પેઢી જ આવતીકાલના ભારતનું નિર્માણ કરશે.

કાર્યક્રમમાં રાજ્ય મહેસુલ મંત્રી સંજયસિંહ મહીડાએ જણાવ્યું હતું કે, ભૂચર મોરીનું મેદાન સ્વરાજના ગૌરવ અને શૌર્યનું સાથે સામાજિક સમરસતા અને એકતાનું પ્રતિક છે. શ્રેષ્ઠ ભારત એક ભારતનો જીવંત સંદેશ સાડા ચારસો વર્ષ પહેલાં જામનગરના ભૂચર મોરીના મેદાનમાં લખાઈ ગયો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આપેલા અમૃતકાળના 'પંચ પ્રાણ'માં એક છે, 'આપણા વારસા પર ગર્વ કરો.' વર્ષો સુધી આપણા ઈતિહાસના અનેક નાયકો પુસ્તકોના પાનાઓ સુધી પણ યોગ્ય સ્થાન મેળવી શક્યા નહોતા. આવા વીર નાયકોને રાષ્ટ્રીય ફલક પર સન્માન અપાવવાનું અને તેમની ગૌરવગાથાને નવી પેઢી સુધી પહોંચાડવાનું કામ આજે થઈ રહ્યું છે. 'મારી માટી, મારો દેશ' અને 'હર ઘર તિરંગા' જેવા અભિયાનો દ્વારા શહીદો અને વીર સપૂતોની સ્મૃતિને ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવી છે.

યુવા શક્તિને રમતગમત જેવા સકારાત્મક ક્ષેત્રોમાં દિશા આપવી અને નશામુક્ત સમાજના નિર્માણ માટે સતત કાર્ય કરવું આજની પેઢી માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભૂચરમોરી ખાતે આયોજિત વિવિધ પરંપરાગત સ્પર્ધાઓના આયોજનમાં સરકાર દ્વારા સહકાર મળતા યુવાઓને પણ પ્રોત્સાહન મળ્યું છે.

કાર્યક્રમમાં ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ, મેઘજીભાઈ ચાવડા, પ્રદ્યુમનસિંહ જાડેજા, જામનગર જિલ્લા કલેકટર પી.બી.પંડ્યા, જિલ્લા રમત ગમત અધિકારી બી.જે.રાવલીયા, પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, રાજકુમારસિંહ, દશરથબા, ડો.જયેન્દ્ર જાડેજા, પી.ટી.જાડેજા સહિતના આગેવાનો, અગ્રણીઓ, અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ

# વડોદરામાં વડાપ્રધાન મોદીનું રેમ્પ વોક, Gen-Z સાથે હાથ મિલાવ્યા

## હીરા બાના લાલ મારા ભારતના લાલ, એણે મને માયા લગાડી.., ગુજરાતની લેબોરેટરીમાં મોદીની રેમ્પની રાજનીતિનો પ્રયોગ





વડોદરા,

આજે ગુજરાતની લેબોરેટરીમાં મોદીની રેમ્પની રાજનીતિનો પ્રયોગ.થશે.આજે બપોરે ૨ મોદી વડોદરા પહોંચ્યા હતા.તેઓ સ્જી યુનિવર્સિટી ગ્રાઉન્ડના કાર્યક્રમ દરમિયાન રૂ. ૩૫,૨૦૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ 'નમો ૪ વિકસિત ભારત' કાર્યક્રમ અંતર્ગત યુવાઓ સહિત ૬૦૦૦ લોકોને સંબોધશે. આ કાર્યક્રમ માટે ગ્રાઉન્ડમાં ખાસ રૂ આકારનું સ્ટેજ તૈયાર કરાયું છે. જેના પર ચાલતા ચાલતા પીએમ મોદી જેન-ઝી અને પ્રોફેશનલ્સ સાથે સંવાદ કરી અભિવાદન ઝીલશે. હ્રઅઝ્ર હર્ષ સંઘવી મોદીના આગમન પહેલાં યુવાઓ સાથે ગરબે ઘૂમ્યા હતાં.

વડોદરાનો કાર્યક્રમ પૂર્ણ કરી પીએમ નવસારી પહોંચશે. અહીં નવસારી જિલ્લા ભાજપ કાર્યાલયના નવનિર્મિત કાર્યાલયનું લોકાર્પણ કરી પ્રબુધ્ધ નાગરિકો સાથે સંવાદ કરશે. વડોદરાની સ્જી યુનિવર્સિટીના પેવેલિયન ગ્રાઉન્ડમાં યોજાઈ રહેલા આ કાર્યક્રમની તૈયારી ખાસ ય્ઈદ્ગ-ઢને ધ્યાનમાં રાખીને કરવામાં આવી. કાર્યક્રમમાં ૬,૦૦૦ લોકો હાજરી આપશે, જેનું બુકીંગ ફૂલ થઈ ગયું છે. વડાપ્રધાનના સ્ટેજ સાથે ખાસ 'રૂ' આકારનો રેમ્પ બનાવાયો છે, જ્યાં આસપાસ યુવાનોને બેસાડાશે. રોકસ્ટારની સ્ટાઈલમાં મોદી રેમ્પ પર ચાલતા-ચાલતા જેન-ઝી વિદ્યાર્થી અને પ્રોફેશનલ્સ સાથે સંવાદ કરી અભિવાદન ઝીલશે.

એજ્યુકેશન સિસ્ટમ સામે અવાજ ઉઠાવવા માટે રાહુલ ગાંધી હાલ 'છાત્રો કી ગૂંજ' નામનો કાર્યક્રમ કરી રહ્યા છે. કોટાથી લઈ પૂણે સુધી તેઓએ યુવાઓ સાથે એક રોકસ્ટારના અંદાજમાં સ્ટેજ પર એન્ટ્રી લીધી હતી, જેમાં સ્ટેજથી લઈ તેના ટી-શર્ટ ચર્ચામાં રહ્યા છે. હવે વડોદરામાં પણ પીએમ મોદી જેન-ઝીને આકર્ષવા માટે કોન્સર્ટ સ્ટાઈલમાં સંવાદ કરશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરા આગમન પૂર્વે કાર્યક્રમ સ્થળે દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. ઉરી સર્જિકલ સ્ટ્રાઈકની થીમ આધારિત નાટક અને નૃત્યની રજૂઆત કરવામાં આવી હતી. કલાકારોએ પોતાના અભિનય અને નૃત્ય દ્વારા દેશભક્તિનો સંદેશ આપતા ઉપસ્થિત લોકોમાં જોશ અને જોમ ભરાયો હતો.

નાટક અને નૃત્યની રજૂઆત દરમિયાન કાર્યક્રમ સ્થળે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દેશભક્તિના ગીતો અને રજૂઆતો વચ્ચે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.રજૂઆત દરમિયાન ઉપસ્થિત લોકો દ્વારા 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નારા લગાવવામાં આવ્યા હતા. નારાઓથી સમગ્ર કાર્યક્રમ સ્થળ ગૂંજી ઉઠ્યું હતું. યુવાઓ સહિત ઉપસ્થિત લોકોમાં દેશભક્તિનો ઉત્સાહ જોવા મળ્યો હતો. વડાપ્રધાનના આગમન પૂર્વે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉરી સર્જિકલ સ્ટ્રાઈકની થીમ આધારિત રજૂઆત આકર્ષણનું કેન્દ્ર બની હતી.

# ઈરાન સામે યુદ્ધ જીતી તેલ સસ્તું કરવાનો ટ્રમ્પનો દાવો

## યુદ્ધ જીત્યા પછી ગેસના ભાવ ઘટીને ત્રણ ડોલર પ્રતિ ગેલન આવી શકે છે, અમેરિકા કોઈપણ ભોગે ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરવા દેશે નહી



વોશિંગટન,

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક અર્થવ્યવસ્થા અને ઉર્જા બજારને લઈને એક મોટો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે ઈરાન સાથેના સંભવિત યુદ્ધમાં વિજય મેળવ્યા બાદ વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવમાં ભારે ઘટાડો જોવા મળશે. પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર વાત કરતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુદ્ધ જીત્યા પછી ગેસના ભાવ ઘટીને ત્રણ ડોલર પ્રતિ ગેલન અને ભવિષ્યમાં બે ડોલર પ્રતિ ગેલનથી પણ નીચે આવી શકે છે. આ સાથે તેમણે સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા કોઈપણ ભોગે ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરવા દેશે નહીં.

અમેરિકી સંરક્ષણ વિભાગ અને યુએસ સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) દ્વારા ઈરાન વિરુદ્ધ કડક વલણ અપનાવવામાં આવ્યું છે. યુએસ સચિવ પીટ હેગસેથે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ઈરાની સેના દ્વારા અમેરિકી જહાજો પર હુમલો કરવામાં આવશે, તો યુએસ દળો ઈરાનના તમામ તેલ ટેન્કરોનો સંપૂર્ણ નાશ કરી દેશે. સેન્ટકોમ દ્વારા તાજેતરમાં જ ત્રણ ઈરાની ક્રૂડ ઓઈલ ટેન્કરો પર કરવામાં આવેલા હુમલાનો વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ટેન્કરો એક મોટા નાણાકીય નેટવર્ક સાથે જોડાયેલા હતા, જેમાંથી મળતી આવકનો ઉપયોગ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ અને તેના પ્રાદેશિક સહયોગીઓને ફંડ પૂરું પાડવા માટે થતો હતો. સેન્ટકોમના કમાન્ડર એડમિરલ બ્રેડ કૂપરે જણાવ્યું હતું કે અમેરિકી જહાજોને નુકસાન પહોંચાડવાના કોઈપણ પ્રયાસથી ઈરાનના તેલ પુરવઠાને મોટું આર્થિક નુકસાન વેઠવું પડશે.આ તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે તુર્કીના રાષ્ટ્રપતિ રેચેપ તૈયપ એર્દોગને ઈઝરાયલ પર ગંભીર આરોપો મૂક્યા છે.

### ઈરાને અમેરિકાને લીધા આડે હાથ

ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદનની પ્રતિક્રિયા આપતા ઈરાને અમેરિકાને આડે હાથ લીધી છે. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાકર ગાલિબાફે ચેતવણી આપી છે કે જો અમેરિકા દ્વારા ઈરાનની ઉર્જા સુવિધાઓ અથવા તેલ ટેન્કરોને નિશાન બનાવવામાં આવશે, તો ઈરાન પણ એટલી જ આક્રમકતાથી વળતો પ્રહાર કરશે. ઈરાને યાદ અપાવ્યું છે કે તેની તેલ અને ગેસ ઉત્પાદન પ્રણાલી ખૂબ જ મજબૂત છે અને અગાઉ પણ તેના વળતા પ્રહારના પરિણામો દુનિયાએ જોયા છે.

# પૃથ્વી પર જમીન ખૂટી પડતા સ્પેસમાં ડેટા સેન્ટર બનાવવાની ઈલોન મસ્કની તૈયારી

## સ્પેસએક્સ-સ્ટારલિંકની મદદથી ૨૦૨૭માં મિશન પાર પાડવા યોજના

વૉશિંગ્ટન,

દુનિયાના સૌથી ધનવાન ઉદ્યોગપતિ ઈલોન મસ્ક અંતરીક્ષમાં ડેટા સેન્ટર બનાવવાનું સપનું જોઈ રહ્યા છે. એટલું જ નહીં, તેમણે તો ૨૦૨૭ના અંત સુધીમાં આ પ્રોજેક્ટ લોંચ કરવાનો ટાર્ગેટ પણ સેટ કર્યો છે. જોકે, મસ્કના આ આઈડિયાને અત્યારના ટેકનોલોજી એક્સપર્ટ્સ તુક્કો ગણાવી રહ્યા છે. તેમના મતે હજુ એક દશકા સુધી આવી શક્યતા ખૂબ પાંખી છે. સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવા સામે અનેક પડકારો અત્યારે છે ને પહેલાં એના જવાબો શોધવા પડશે.

ઈલોન મસ્ક ડેટા સેન્ટર્સ સ્પેસમાં બનાવીને અનેક ઉકેલ શોધવા માંગે છે. ડેટા સેન્ટર્સ સામે દુનિયાભરમાં વિરોધ વધતો જાય છે. કારણ કે તેની પાછળ ઈલેક્ટ્રિસિટી વધારે વપરાશે. કૂલિંગ માટે પાણીની જરૂર પડશે અને ડેટા સેન્ટર્સ માટે જમીનની પણ જરૂરિયાત પડે છે. એઆઈ ટેકનોલોજીના ઉદય પછી હવે ડેટા સેન્ટર્સની ડિમાન્ડ વધી છે. સતત વધતી જવાની છે. જો સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવામાં આવે તો એનર્જી ક્રાઈસિસ નિવારી શકાય છે. વળી, માતબર જમીનની જરૂરિયાત પણ રહેતી નથી. આ વિચાર સાથે ઈલોન મસ્કે સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ વિચાર્યો છે. ૨૦૨૭માં આ પ્રોજેક્ટ લોંચ થશે. સ્પેસએક્સ અને સ્ટારલિંક જેવી કંપનીઓની મદદથી મસ્ક આ પ્રોજેક્ટ પાર પાડવા ધારે છે. જોકે, તેની સામે સવાલો પણ ખડા થયા છે. એક્સપર્ટ માને છે કે આ પ્રોજેક્ટ સમય કરતાં એક દશકા વહેલો છે. હજુ આપણી ટેકનોલોજી સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવા માટે તૈયાર નથી. ઓપનએઆઈના સહસ્થાપક સેમ ઓલ્ટમેન માને છે કે આ તુક્કો માત્ર છે. હજુ એવી ટેકનોલોજી વિકસી નથી. ઓર્બિટલ ગેટવેના સ્થાપક બ્લેઈન કર્સિયો માને છે કે અત્યારે આ નાકામ અસાઈનમેન્ટ બની રહેશે.

# પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજાને લઈને મહાઅષ્ટમીના દિવસે દારૂની દુકાનો, બાર બંધ રાખવા જાહેરાત

## દુર્ગા પૂજા અને વિસર્જન શોભાયાત્રા દરમિયાન ડીજે સંગીત વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે

કોલકાતા,

પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજાને લઈને રાજય સરકારે અત્યારથી જ અનેક જાહેરાતો કરવાની શરૂઆત કરી છે. જેમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે મહાઅષ્ટમીના દિવસે રાજ્યમાં દારૂની દુકાનો અને બાર બંધ રહેશે. તેમજ દુર્ગા પૂજા અને વિસર્જન શોભાયાત્રા દરમિયાન ડીજે સંગીત વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ દુર્ગા પૂજા સમિતિઓને ઉત્સવની પરંપરાગત અને ધાર્મિક ભાવના જાળવી રાખવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે મૂર્તિઓ, પંડાલો અને થીમ્સ કોઈની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે નહીં તેવી રાખવી જોઈએ. સીએમ સુવેન્દુ અધિકારીએ વધુ જણાવ્યું હતું કે, થીમ આધારિત પૂજા ઉજવણીઓને મંજૂરી આપવામાં આવશે, પરંતુ પૂજા સમિતિઓએ થીમ પસંદ કરતી વખતે સાવધાની રાખવી જોઈએ. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મૂર્તિઓ, પંડાલો અને થીમ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે નહીં અથવા સનાતન પરંપરાઓને ઠેસ પહોંચાડે નહીં.

આ ઉપરાંત સરકારે પૂજા સંબંધિત કાર્યક્રમો માટે રસ્તાઓના ઉપયોગ પર પણ પ્રતિબંધો મૂક્યા છે. જેમાં આવી ઉજવણી માટે કોઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ કરી શકાશે નહીં.

કોલકાતાના ૧૩ મુખ્ય રસ્તાઓ પર આ પ્રકારની પૂજા સંબંધિત પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં. જેમાં રેડ રોડ અને કેથેડ્રલ રોડનો સમાવેશ થાય છે.આ ઉપરાંત મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે દુર્ગા પૂજા સમિતિઓએ લક્ષ્મી પૂજા પહેલાં નિર્ધારિત સમયમર્યાદામાં મૂર્તિ વિસર્જન પ્રક્રિયા પૂર્ણ કરવી આવશ્યક છે. તેમજ વિસર્જનની તારીખ બદલવા આવશે નહિ. તેમજ સરકારે વિસર્જન દરમિયાન ક્રેનના ઉપયોગ પર પ્રતિબંધ જાહેર કર્યો છે.

### દુર્ગા પૂજા સમિતિઓને રૂ ૧ લાખની નાણાકીય સહાયની કરાઈ જાહેરાત

આ ઉપરાંત પશ્ચિમ બંગાળ સરકારે આ વર્ષે દુર્ગા પૂજા સમિતિઓને રૂપિયા ૧ લાખની નાણાકીય સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ઉચ્ચ બજેટ ધરાવતી પૂજા સમિતિઓને અપીલ કરી હતી કે જો તેમને સરકારી સહાયની જરૂર ન હોય તો તેઓ સ્વેચ્છાએ ગ્રાન્ટ છોડી દે. સરકારે પૂજા સમિતિઓ માટે વીજળીના શુલ્કમાં ૧૦૦ ટકા માફીની પણ જાહેરાત કરી છે.

# ગુજરાતમાં ભાદરવા માસમાં મેઘરાજાની નવી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા

## ૧૨થી ૧૫ સપ્ટેમ્બર રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં હાલ વરસાદની ઘટ વચ્ચે ફરી સારા વરસાદના એંધાણ વર્તાયા છે. ભાદરવા મહિનામાં મેઘરાજાની નવી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ૧૦ સપ્ટેમ્બરથી રાજયના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી શકે છે, જયારે ૧૨થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન રાજયના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ગરમી અને ભેજના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડી શકે છે. ૬થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ અને ગાંધીનગર સહિત આસપાસના વિસ્તારોમાં હવામાન પલટાઈ શકે છે અને કેટલાક સ્થળોએ હળવો વરસાદ થવાની શક્યતા છે.૧૨થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન બંગાળના ઉપસાગરમાં મજબૂત હવામાન સિસ્ટમ બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સિસ્ટમ દક્ષિણ તરફ આગળ વધતાં તેની અસર મહારાષ્ટ્ર ઉપરાંત મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં જોવા મળી શકે છે.ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદની શક્યતા છે. સિસ્ટમ આગળ વધીને પશ્ચિમ સૌરાષ્ટ્ર પરથી અરબી સમુદ્ર તરફ જવાની સંભાવના દર્શાવવામાં આવી છે.

જો આ સિસ્ટમ પર અન્ય હવામાન પરિબળોની વિપરીત અસર નહીં થાય તો રાજયના અનેક વિસ્તારોમાં મૂશળધાર વરસાદ પડી શકે છે. કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની શક્યતા પણ નકારી શકાય નહીં.ખાસ કરીને પશ્ચિમ સૌરાષ્ટ્રમાં સારો વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ વરસાદનું જોર વધી શકે છે. આગાહી મુજબ ૧૮ સપ્ટેમ્બર આસપાસથી ૨૩ સપ્ટેમ્બર સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. ત્યારબાદ ૨૬ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર વચ્ચે રાજયના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે. એટલે કે સપ્ટેમ્બરના બીજા પખવાડિયાથી ઓક્ટોબરની શરૂઆત સુધી રાજયમાં વારંવાર હવામાન પલટાઈશકે છે. અંબાલાલ પટેલના અનુમાન મુજબ ૩ ઓક્ટોબરથી હવામાનમાં ફેરફાર શરૂ થઈ શકે છે. ૧૦ ઓક્ટોબર આસપાસ ફરી એક વખત હવામાન પલટાઈ શકે છે.

# અમદાવાદમાં રિક્ષા હડતાળના કારણે તંત્રમાં દોડધામ!

## AMTSએ રાણીપ-કાલુપુર સહિત આ રૂટ પર વધારાની બસો દોડાવી, ગીતામંદિર ખાતે ફ્લાઈંગ ટીમ તૈનાત

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા ચાલકોની હડતાળને ધ્યાનમાં રાખીને મુસાફરોને કોઈપણ પ્રકારની હાલાકી ન પડે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વિશેષ પરિવહન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેરના મુખ્ય વિસ્તારોમાં વધારાની બસો, કન્ટ્રોલર તથા ફ્લાઈંગ ટીમોની તૈનાતી કરીને નાગરિકોને તેમના ગંતવ્ય સ્થાન સુધી સરળતાથી પહોંચાડવા માટે તંત્ર દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. રાણીપ GSRTC બસ સ્ટેશન ખાતે ૨ કન્ટ્રોલરોને ફરજ પર મૂકવામાં આવ્યા છે અને મુસાફરોની વધતી જરૂરિયાત મુજબ ૨ વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસો મુસાફરોને ઈન્કમટેક્સ, નટરાજ, પાલડી, ગીતામંદિર અને કાલુપુર જેવા મુખ્ય ટ્રાન્ઝિટ કેન્દ્રો સુધી પહોંચાડશે. આ ઉપરાંત, રાણીપ સ્ટેશન પાસેથી પસાર થતા વિવિધ રૂટોની આશરે ૯૦ બસો મુસાફરોને કાલુપુર, મણિનગર, લાલદરવાજા, વાસણા અને પાલડી સહિતના વિસ્તારો સુધી સેવા આપશે. સાબરમતી ધર્મનગર રેલવે સ્ટેશન ખાતે ૧ સ્પેર ડ્રાઈવર અને ફ્લાઈંગ ટીમને તૈનાત કરવામાં આવી છે, જ્યાંથી કાલુપુર અને મણિનગર માટે ૨ વધારાની બસો ઉપલબ્ધ કરાવાઈ છે તેમજ આ વિસ્તારની અન્ય ૨૮ બસો પણ સેવા આપશે.શહેરના મહત્વપૂર્ણ ટ્રાન્ઝિટ હબ એવા ગીતામંદિર ખાતે ફ્લાઈંગ ટીમને તૈનાત કરવામાં આવી છે, જ્યાંથી વિવિધ રૂટોની બસો દર ૧૫ થી ૨૦ મિનિટે શહેરના વિવિધ વિસ્તારોમાં દોડશે. કાલુપુર રેલવે સ્ટેશન ખાતે સારંગપુર કેબિન કન્ટ્રોલર ૨ ફ્લાઈંગ ટીમો સાથે હાજર રહેશે અને મુસાફરોની સુવિધા માટે ૪ વધારાની બસોની વ્યવસ્થા કરાઈ છે. કાલુપુર વિસ્તારમાંથી પસાર થતા વિવિધ રૂટોની ૫૦ થી વધુ બસો ગીતામંદિર, લાલદરવાજા, વાડજ અને નરોડા સુધી મુસાફરોને પહોંચાડશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી આ વિશેષ વ્યવસ્થાના કારણે ઓટો રિક્ષા ચાલકોની હડતાળના સમયમાં પણ જાહેર પરિવહનની સુવિધા અવિરત મળી રહેશે. શહેરના વિવિધ વિસ્તારો વચ્ચેની અવરજવર પર ન્યૂનતમ અસર થાય તે માટે પૂરતા પ્રમાણમાં માનવબળ અને બસોની તૈનાતી સુનિશ્ચિત કરવામાં આવી છે.

### કેટલાક રિક્ષાચાલકો ગ્રાહકોને ખુલ્લેઆમ લૂંટતા હોવાની રાવ

હડતાળમાં યુનિયને ૩ લાખ રિક્ષા અને ૭૦ હજાર ટેક્સી ચાલકો જોડાશે તેવો દાવો કર્યો હતો, પરંતુ અનેક વિસ્તારોમાં વાહનો ચાલુ રહેતાં હડતાળને ફિક્કો પ્રતિસાદ સાંપડ્યો છે. હડતાળને સફળ બનાવવા યુનિયનના સભ્યો રસ્તા પર ઉતરી આવ્યા હતા. રાણીપ બસ સ્ટેશન પાસે રિક્ષાચાલકે લાકડી સાથે આવીને મુસાફરોને અધ્ધવચ્ચે જ ઉતારી હડતાળમાં જોડાવા દબાણ કરતા વિવાદ થયો હતો. રિક્ષાચાલકો ગુંડાગીરી પર આવી જતા પોલીસ પણ દોડતી થઈ છે. તો બીજી તરફ હડતાળનો ફાયદો ઉઠાવી કેટલાક રિક્ષાચાલકો દ્વારા ગ્રાહકોને ખુલ્લેઆમ લૂંટવામાં આવી રહ્યા હોવાના પણ કિસ્સા સામે આવ્યા છે.

# પેરિસમાં BAPSના કાર્યક્રમ બાદ વિવાદ મહિલા સ્ટાફને હટાવાતા થયેલો વિરોધ

પેરિસ,

વિશ્વની સૌથી જાણીતી ધરોહરોમાં સામેલ ફ્રાન્સના પેરિસ સ્થિત એફિલ ટાવર પર અચાનક વિરોધ પ્રદર્શન શરૂ થતાં તેને અસ્થાયી રૂપે બંધ રાખવાની ફરજ પડી હતી. શનિવારે હિન્દુ ધાર્મિક સંગઠન મ્છઁજી સાથે જોડાયેલા આશરે ૧૦૦ લોકોના પ્રતિનિધિમંડળની ખાનગી મુલાકાત દરમિયાન મહિલા કર્મચારીઓને તેમના કામના સ્થળેથી હટાવી દેવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો બાદ પગલે સ્ટાફમાં ભારે રોષ ફેલાયો છે. આ મામલે હવે ફ્રાન્સના નેતાઓ પણ મેદાને આવ્યા છે.

યુનિયનના પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર, જ્યારે મ્છઁજીના સંતો તથા કાર્યકરો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા.

ત્યારે મહિલા કર્મચારીઓને તેમની ફરજના સ્થળેથી હટી જવાનું કહેવામાં આવ્યું હતું, જેથી તેમની જગ્યાએ પુરુષ કર્મચારીઓ ફરજ બજાવી શકે.યુનિયનના પ્રતિનિધિ ડિયાન ડેવોઈન એ ન્યૂઝ એજન્સી રોઈટર્સ સાથે વાતચીતમાં આરોપ લગાવ્યો કે, જ્યારે પ્રતિનિધિમંડળ પસાર થઈ રહ્યું હતું, ત્યારે મહિલાઓને તેમના વર્કસ્ટેશન છોડવા માટે કહેવામાં આવ્યું હતું જેથી પુરુષો તેમની જગ્યા લઈ શકે.

### પેરિસના મેયરે આપ્યા તપાસના આદેશ

પેરિસના મેયર ઈમેન્યુઅલ ગ્રેગોઈરે એફિલ ટાવર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન પાછળના આરોપોની તપાસના આદેશ આપી દીધા છે. તેમણે જણાવ્યું હતું કે કામદારોની ચિંતાઓ સંપૂર્ણપણે વ્યાજબી છે અને તેના પર તાત્કાલિક ધ્યાન આપવું જરૂરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લિંગના ભેદભાવ વિના દરેક વ્યક્તિ મુક્તપણે કામ કરવા અને હરવા-ફરવા માટે સક્ષમ હોવી જોઈએ. પેરિસમાં દરેક જગ્યાએ, જેમાં તેના સૌથી આઈકોનિક સ્થળો પણ સામેલ છે, સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાનતા જળવાવી જ જોઈએ.

સૌરાષ્ટ્ર આસપાસ

## લાખણકાનો કિનારોઃ ભાવનગરના ભવિષ્યનું પ્રવેશદ્વાર

ભાવનગરના દરિયાકિનારે વિકાસની અપાર શક્યતાઓ છે. ભાવનગર બંદર સીએનજી ટર્મિનલ તરીકે ડેવલપ થઈ રહ્યું છે અને તે ધોલેરા સર માટે મહત્વનું બંદર બની જશે. બીજી બાજુ ગુજરાત સરકારે ભાવનગર તાલુકાના લાખણકા ગામને પણ ગ્રીનફિલ્ડ પોર્ટ તરીકે વિકસિત કરવા માટે નક્કી કર્યું છે અહીં નજીકમાં મીઠીવીરડી ખાતે અણું ઉર્જા મથક બનવાનું હતું પરંતુ વ્યાપક વિરોધને કારણે આ પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવ્યો છે આ પ્રોજેક્ટ માટે પણ ભાવનગરના વિકાસ વિરોધીઓ મેદાનમાં ન આવે તેવું લોકો ઈચ્છે રહ્યા છે. લાખણકા ગામ સમુદ્ર કિનારે આવેલું છે અહીં સમુદ્ર કિનારો મોટું બંદર બનવા માટે અનુકૂળ છે મોટા જહાજો આવી શકે તે માટેના સમુદ્રની ઊંડાઈ પણ પૂરતી છે. અહીં સરકાર ગ્રીનફિલ્ડ પોર્ટ બનાવવા માટે સજ્જ થઈ છે ત્યારે ભાવનગર માટે વિકાસની એક બહુ મોટી તક સામે આવી છે.ભાવનગરને દરિયાએ હંમેશા બે હાથથી આપ્યું છે. અહીંના દરિયાએ રોજગારી આપી છે, વેપાર આપ્યો છે અને વિશ્વના નકશા પર એક અલગ ઓળખ પણ આપી છે. આ ઓળખના કેન્દ્રમાં અલંગ અને ભાવનગર પોર્ટ જેવા મોટા નામો છે. પરંતુ આ મોટા નામોની વચ્ચે ઘોઘા નજીક આવેલો લાખણકાનો દરિયાકિનારો આજે પણ પોતાની ઓળખ શોધી રહ્યો છે. આ કિનારો વિકસે તો આખા જિલ્લાના અર્થતંત્રને નવી દિશા મળી શકે છે, તેવી લાગણી સ્થાનિકોમાં લાંબા સમયથી છે.આ લાગણીને તાજેતરમાં વધુ બળ મળ્યું છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડે મુંબઈ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી, જેમાં રાજ્યના ઉપેક્ષિત બંદરોને પુનર્જીવિત કરવા અંગે મંથન થયું હતું. લાખણકા કોઈ બંદર નથી માત્ર હું ઉજડ દરિયા કિનારો છે. પરંતુ તળાજા પાસે આવેલું સરતાનપર બંદર છે પરંતુ તે પડી ભાંગેલું છે. સરકાર લાખણકા ગામના સમુદ્ર કિનારે મોટું બંદર બનાવવા માટે તૈયાર થઈ છે ત્યારે સરકારે અગાઉ મહુવા બંદરને પણ વિકસિત કરવાની વાત કરી હતી પરંતુ આ વાત ભુલાઈ ગઈ અને લાખણકા નું નામ આવ્યું છે તો મહુવા અને લાખણકા વિકસિત થાય તો વિકાસને ચાર ચાંદ લાગે.મુંબઈ ખાતે યોજાયેલી બેઠક એવા સમયે યોજાઈ છે જ્યારે રાજ્ય સરકારે બોર્ડના અડતાલીસ નાના બંદરોના સંચાલન માટે ખાનગી ભાગીદારીથી એટલે કે એસપીવી બનાવવાના પ્રસ્તાવને લીલી ઝંડી આપી છે. આ નિર્ણય ગુજરાતના મેરીટાઈમ ક્ષેત્ર માટે એક નવું પ્રકરણ શરૂ કરી શકે છે. સ્વાભાવિક રીતે જ ભાવનગર જિલ્લાના નાગરિકોની નજર હવે લાખણકા પર છે.લાખણકા શા માટે મહત્વનું છે તે સમજવા માટે નકશા પર નજર કરવી પૂરતી છે. આ સ્થળ ખંભાતના અખાતના એવા ભાગમાં આવેલું છે જ્યાં કુદરતી રીતે જ ઊંડાણ સારું છે અને મોટા બંદરો સાથે જોડાણની શક્યતા પણ રહેલી છે. જો અહીં આધુનિક સુવિધા સાથેની જેટી બને તો મહુવા પંથકની ખેત પેદાશો, ખાસ કરીને ડુંગળીની નિકાસ માટે સીધો દરિયાઈ માર્ગ ખુલે. આજે આ માલસામાનને સેંકડો કિલોમીટર દૂર લઈ જવો પડે છે. સ્થાનિક માછીમારો માટે તો આ બંદર જીવનરેખા સમાન બની શકે. ચોમાસા દરમિયાન બોટને સલામત લાંગરવાની જગ્યા મળે તો અનેક પરિવારોની આજીવિકા વધુ સુરક્ષિત બને.જોકે વિકાસની આ વાતો સાથે કેટલીક કડવી વાસ્તવિકતા પણ સ્વીકારવી પડશે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકના અનેક બંદરોની હાલત આજે સારી નથી. ભાવનગરની નજીક આવેલા ઘોઘા બંદરની જેટી લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતી અને તેને અંતે બંધ કરવાની ફરજ પડી. આ ઘટના દર્શાવે છે કે માત્ર નવા પ્રોજેક્ટની જાહેરાત કરવી પૂરતું નથી, તેની નિયમિત જાળવણી અને દેખરેખ પણ એટલી જ જરૂરી છે. ઉપરાંત બંદરોના સંચાલનમાં અનુભવી દરિયાઈ અધિકારીઓની નિમણૂકનો મુદ્દો પણ ચર્ચામાં રહ્યો છે.

# ચોપડો ચોખ્ખો રાખ્યો...

**એક સંતાનના વિધુર બાપે એકલ પંડ્યે દીકરાને શહેરમાં ભણવા મોકલ્યો ને ત્યાં જ ઠરીઠામ કર્યો, વરાવ્યો ને પોતે ગામડે જાતમહેનતથી સ્વમાનભેર આત્મનિર્ભર જીવન જીવીને સ્વધામ સિધાવ્યા ત્યારે મરણમૂડી મૂકતાં ગયા ને માથે કોઈનું લેણું પણ નહી**

અલ્પ ઝલ્પ -ડો. મનહર ઠાકર

'દીકરા, આજે મને શુદ્ધિ છે, એટલે કહી દેવા દે ; કાલે કહેવાયું ના કહેવાયું. આ ખાટલા હેઠે પતરાની જૂની પેટી પડેલી છે, તેમાં મારી મરણમૂડી છે, એ સાચવજે. મને ભળાવીને તારી મા તને મેલીને ગામતરે સિધાવી પછી મેં એકલ પંડ્યે તને ભણવા માટે શહેરમાં મોકલ્યો. પછી ભણેલો બેકાર રહે એ વસમું દુઃખ ગણાય તેમ સમજીને તને સારી નોકરીએ લગાડ્યો. આખું આયખું મેં આ ખોરડે જ વિતાવ્યું, છતાં નિરાશ ન થયો. નસીબને કદી દોષ દીધો નહિ અને ધીરજ રાખી. કાયમ મહેનત કરીને પેટ ભર્યું છે. તને મારા આશીર્વાદ છે કે દુખિયાઓની સેવા કરજે. મહેનતને મહાન ગણજે. પરિશ્રમ આપણો પરમેશ્વર ગણાય. બેટા, ઉદાર રહેજે પણ કોઈનું ઉધાર ન લેતો. આ મારી આખરી શિખામણ છે.'

'હવે, બહું થયું બાપા !'

' જો બેટા ! હજુ તો કાલે સવારે આખાય ગામનાં ઘરેધર ફરીને તારે પૂછી લેવાનું છે કે તારા બાપની માથે કોઈનું લેણું તો નથી ને?'

પછી સૌને મારે ઝાઝા ઝુહાર કરવા છે. સૌને મારે રામ રામ કહેવા છે અને મારા નાનકાને રમાડવો છે.'

'પણ, બાપા ! રામે જ આપણને વિસારી મેલ્યા છે, નહિ તો આપણી આ વલે હોય ?'

'લે વાત મેલ , હવે બે ઘૂંટ પાણી પાઈ દે, બેટા ! ઊંઘી જાઉં, પછી વહેલી પડે સવાર...!'





બાપાને બેઠા કરી, બે-ચાર ઘૂંટ પાણી પાઈ હળવેથી સુવાડયા; ગોદડું ઓઢાડી, ઘડી ભર તેનું હળવેથી માથું દબાવ્યું અને પગ દબાવ્યા.

'હવે જઈને સૂઈ જાઓ, બેટા ! આખા દિ'ના થાક્યા હશો. નાનકાને ખવડાવ્યું તો છે ને ? તેને ઓઢાડવાનું વહુને કહેજે, બેટા !' કહેતાં, બાપા ઊંઘી રહ્યાં હતાં. તેના માથા ઉપર મૂકેલો હાથ દીકરે હળવેથી લઈ લીધો.

સવારે દીકરાએ વહેલા ઊઠી, પ્રથમ બાપા સામે જોઈ લીધું. બાપા ઊંઘી રહ્યા હતા. તે રખે જાગી જાય તેની ચિંતામાં, તે હળવેથી ખડકી ઉઘાડીને ગામમાં જવા નીકળ્યો. ઘરેઘર જઈને તેણે પૂછી જોયું પણ તેના બાપનું કોઈ લેણિયાત ન હતું.

કોણ જાણે કેમ ? આજે તો બાપાના જીવને જાણે ધરપત હોય તેમ શાન્તિથી આખી રાત નિરાંતે ઊંઘ્યા જ કર્યું છે. જરા સરખાંય બોલ્યાં-ચાલ્યાં નથી કે પડખુંય ફેરવ્યું નથી. કારણકે રાતે બહુ વાતો કરી લીધી છે ને ! '

રોજ તો, બાપા પરોઢિયે છોકરાં ઢીબણિયું - તારોડિયું ઊગે તે પહેલાં જાગી જાય, પછી ઉધરસ ચડે, ત્યાં તો શ્વાસની ધમણ ફૂંફાડા દેવા લાગે. પણ આજે તો !'

ગોદડું થોડુંક ખસી ગયું છે. દીકરાએ ગોદડાનો છેડો સરખો કરતાં જરા ઊંચો કર્યો ને ધીમેથી કહ્યું, 'બાપા !'

બાપાનો બોલવાનો અણસારો ન આવતાં, તેમના ચહેરા ભણી નજર નાખી. તે હમણાં જાગી જશે તો કહેશે, ' દીકરા બેટા !' એવો મનોમન વિચાર આવ્યો. જોયું તો બાપાની આંખો ઢળેલી હતી. જાણે સવારની મીઠી નિંદર લઈ રહ્યા હોય તેમ તેમના ચહેરા પર પ્રસન્નભાવ પ્રસરેલો હતો. પણ, તેમના શ્વાસોશ્વાસ...? એવું મનોમન વિચારતાં દીકરે ધીમેથી તેમના કપાળ ઉપર હાથ મૂક્યો અને ઓચિંતુ બોલાઈ ગયું, જલ્દી આવો નાનકાના મમ્મી, બાપા તો..!'

ઓચિંતો પતિનો રડમસ સાદ સાંભળી પત્નીના હૈયે ઊંડી ફાળ પડી. તેણે નાનકાને ઉઠાડ્યો અને બાપાને ઓઢાડેલા ગોદડાની બહાર રહી ગયેલા તેમના હાથ પાસે લાવીને રાખી દીધો. હવે એ હાથ નિઃચેતન હતો. બાપા તો સ્વમાનભેર જીવન જીવીને સ્વધામ સિધાવી ગયા છે. આખું આયખું તેમણે આત્મનિર્ભર બનીને ગામડે પોતિકા ખોરડે જ વિતાવ્યું. પોતાના મૃત્યુ પછીના વિધિનો બોજ દીકરાને ઉઠાવવો ન પડે એટલે પોતાની કમાણીમાંથી સંગ્રહી રાખેલી મરણમૂડી પણ મૂકી ગયા છે. વળી, કોઈનું પણ લેણું માથે રાખ્યા વગર પોતાનો ચોપડો ચોખ્ખો રાખનાર એ માણસે હસતાં ચહેરે વિદાય લીધી ત્યારે દીકરો ને વહુ દિવંગત બાપાનાં ચરણે માથાં ટેકવીને પોક મૂકી રડી પડ્યાં.

# રસોઈને સ્વાદ-સોડમ બક્ષતી રોજિંદી વસ્તુઓ એટલી જ સ્વાસ્થ્યપ્રદ પણ



વિશેષ

આપણા રોજબરોજના ભોજનમાં આપણે એવી ઘણી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ જે આપણી તંદુરસ્તી માટે અત્યંત લાભકારક હોય છે. પરંતુ આપણે તેના ફાયદાઓથી અજાણ હોઈએ છીએ. વળી નવી પેઢીના લોકોને પશ્ચિમી કે ચાઈનિસ વ્યંજનોનો એવો ચસકો લાગ્યો છે કે તેમને આપણા પરંપરાગત આહારમાં કાંઈ દમ નથી લાગતો. પરિણામે તેઓ આપણી સદાકાળ ચાલી આવતી સ્વાસ્થ્યપ્રદ વસ્તુઓના લાભથી વંચિત રહી જાય છે. આજે આપણે એવી કેટલીક વસ્તુઓ વિશે વાત કરીશું જેના વિશે જાણ્યા પછી નવી પેઢીના લોકો પણ ચોક્કસ કહેશે કે તે ખરેખર દમદાર છે.

અજમો : અજમાની સુગંધ જ આપણને તે ખાવા લલચાવે છે. અજમામાં રહેલો અર્ક પાચક રસોના સ્ત્રાવમાં વૃધ્ધિ કરે છે તેથી ખોરાક સારી રીતે પચે છે. અજમો રેચક હોવાથી કબજિયાત દૂર કરવામાં પણ સહાયક બને છે. વાસ્તવમાં આપણું વજન ન વધે એટલા ખાતર પણ ખોરાક સારી રીતે પચે તે જરૂરી છે. સાથે સાથે મળ પણ શરીરમાંથી નિયમિત રીતે બહાર ફેંકાઈ જાય એ પણ એટલું જ આવશ્યક છે. અજમામાં આ ગુણો હોવા ઉપરાંત તે શરદીમાં રાહત આપે છે. શરદીને કારણે નાક બંધ થઈ ગયું હોય તો તે જલદી ખુલે છે. અસ્થમા અને બોંકાઈટિસ જેવા શ્વસનને લગતા રોગોમાં તેમ જ માઈગ્રેન જેવા શિરદર્દમાં પણ ઘણી રાહત આપે છે.

દરરોજ માત્ર બે ગ્રામ જેટલો શેકેલો અજમો પણ એક જણ માટે પૂરતો થઈ રહે છે. તમે ચાહો તો અજમો, લીલી ચા, આદુ અને એલચી નાખીને ઉકાળેલું પાણી પણ પી શકો છો.

હિંગ : ભાગ્યે જ કોઈ ગુજરાતી ઘર એવું હશે જેના ઘરમાં હિંગનો વપરાશ ન થતો હોય. એક ચપટી હિંગ સમગ્ર રસોઈને સ્વાસ્થપ્રદ બનાવે છે. ગેસ, પેટ ફૂલવું, આમવાત ઈત્યાદિ દૂર રાખવામાં હિંગ મહત્ત્વનો ભાગ ભજવે છે. હિંગનું સેવન રક્તને કુદરતી રીતે પાતળું રાખવામાં મદદ કરતું હોવાથી લોહીનું ઊંચુ દબાણ અંકુશમાં રહે છે. હિંગમાં રહેલા ચોક્કસ તત્વો રક્ત પરિભ્રમણ ઝડપી બનાવતાં હોવાથી બ્લડ ક્લોટ્સ થતાં અટકે છે. દરેક પ્રકારના વઘારમાં હિંગ નાખી શકાય. ખાસ કરીને પચવામાં ભારે હોય એવા વ્યંજનોમાં હિંગનો ઉપયોગ અચૂક કરવો.

જીરૃં : ચયાપચયની ક્રિયાને સુચારુ રીતે ચલાવવા તેમ જ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મહત્ત્વની કામગીરી બજાવતા લોહ તત્વની આપૂર્તિ માટે રોજિંદા આહારમાં જીરાનો પૂરતો ઉપયોગ કરો. જીરૃં પાચક રસોના સ્ત્રાવમાં મદદગાર બનતું હોવાથી ખોરાકનું પાચન સારી રીતે થાય છે. જીરૃં યકૃત અને સ્વાદુપિંડને સારી રીતે કાર્યરત રાખે છે. તે લિવરમાં રહેલા વિષારી તત્વોનો નાશ કરવામાં સહાય કરે છે. અને જ્યારે તમારા આ અંગો સારી રીતે કામ કરે ત્યારે અનિદ્રા જેવી સમસ્યાઓ આપોઆપ દૂર રહે છે. તેથી તમારી રસોઈના વઘારમાં જીરૃં અચૂક નાખો. તમે ચાહો તો થોડું જીરૃં પાણીમાં નાખી રાતભર પલાળી રાખો. સવારના આ પાણીને ઉકાળી-ગાળીને ઠંડુ થાય એટલે પી લો.

મીઠો લીમડો : મીઠો લીમડો આપણા સ્વાસ્થ્ય માટે ખરેખર મીઠો પુરવાર થાય છે. હળવું ક્ષાર તત્વ ધરાવતો લીમડો રસોઈને સ્વાદ-સોડમ બક્ષે છે. લીમડાના પાનમાં ડાયાબિટિસ ખાળવાના ભરપૂર ગુણો રહેલા છે. તે આપણા શરીર માટે સારા ગણાતા કોલેસ્ટોલમાં વૃધ્ધિ કરે છે તેથી હૃદય રોગનું જોખમ ઘટે છે. એટલું નહીં, મીઠો લીમડો ખોરાકનું પાચન કરાવવામાં, ત્વચાનો ચેપ રોકવામાં, વાળ વધારવામાં અને વજન ઘટાડવા સુધ્ધાંમાં સહાયક બને છે. તેથી દરેક વઘારમાં લીમડો નાખવાનું ન ભૂલો. વહેલી સવારે લીમડો ચાવીને ખાવો પણ લાભકારક બને છે.

કેસર : ગુણ અને રંગ-સોડમના ખજાના સમી અતિકિંમતી કેસરમાં રહેલું પાણીમાં ઓગળી જાય એવું 'ક્રોસિન'ના નામે ઓળખાતું કેરટીન કેન્સર સામે રક્ષણ આપે છે. અને તેનો રંગ પણ આ તત્વને જ આભારી છે. 'ક્રોસિન' યાદશક્તિ તેજ બનાવે છે અને પાર્કિન્સન સામે પણ સુરક્ષા આપે છે. મીઠાઈઓમાં કેસરનો ઉપયોગ ગુણકારી બની રહે છે. તેવી જ રીતે તે ઉકાળેલા દૂધમાં નાખીને પણ લઈ શકાય.

મેથી : મેથીના દાણા મધુપ્રમેહના દરદીઓ માટે આશિર્વાદરૂપ બની રહે છે. મેથી ઈન્સ્યુલીનની પ્રતિક્રિયા ઘટાડતી હોવાથી તે ડાયાબિટિસના દરદીઓ માટે શ્રેષ્ઠ અને સોંઘી ઔષધિ ગણાયછે. મેથીના દાણા શરીરમાંથી ટ્રાઈગ્લિસરાઈડ અને સિરમ ઘટાડવામાં મદદ કરે છે. તેનાથી કફ છૂટો થાય છે, તે દાહ-બળતરા શાંત કરે છે, તે રેચક હોવાથી કબજિયાત દૂર રાખે છે, તે આમવાતને કારણે પેટમાં થતાં શૂળને પણ દૂર રાખે છે એટલુ જ નહીં મેથી અતિસારમાં પણ રાહત આપે છે. મેથી મૂત્રવર્ધક હોવાથી શરીરમાં રહેલા વિષારી તત્વોને મૂત્ર વાટે બહાર ફેંકવામાં સહાયક બને છે. તમે ચાહો તો દાળ-શાક ઈત્યાદિના વઘારમાં મેથી નાખી શકો. એક ટી-સ્પૂન મેથી દાણા રાતભર પાણીમાં પલાળી રાખીને એ પાણી સવારના ઉકાળી-ઠારીને પીઓ. તેમ જ આ પાણીમાં બફાઈ ગયેલા મેથીના દાણા ચાવીને ખાઈ જાઓ.

લસણ : લસણમાં રહેલું સલ્ફાઈડ નામનું તત્વ કોલેસ્ટરોલ ઘટાડવામાં, રક્તમાં ગઠ્ઠા પડતાં ખાળવામાં મદદ કરે છે. રોજનું બે કળી જેટલું લસણ પણ ચમત્કારી પરિણામ આપે છે.

આદુ : આદુ રોગપ્રતિકારક શક્તિમાં વૃધ્ધિ કરે છે અને શરદી-તાવ આઘા રાખવામાં મદદ કરે છે. માઈગ્રેનને કારણે થતાં શિરદર્દમાં પણ આદુ રાહતદાયક પુરવાર થાય છે. તે કેટલાંક હોર્મોન્સ માટે પણ અસરકારક બની રહે છે. મોટાભાગના ગુજરાતીઓ આદુવાળી ચા પીવાનું પસંદ કરે છે. તમે ચાહો તો થોડું આદું માત્ર પાણીમાં નાખીને ઉકાળીને પી શકો. તેવી જ રીતે સલાહના ડ્રેસિંગમાં આદુ સાથે સોયા સોસ, ઓલિવ ઓઈલ અને લસણનો ઉપયોગ પણ થઈ શકે.

# ક્ષમાપના - અંતરને પવિત્ર કરતું પર્યુષણ પર્વ

**ક્ષમા એ માત્ર શબ્દ નથી. તે એક વિચાર છે. તે એક સંસ્કાર છે. તે જીવન જીવવાની રીત છે. જ્યારે આપણે કોઈને દિલથી માફ કરીએ છીએ, ત્યારે આપણે બીજાને નહીં, પોતાને મુક્ત કરીએ છીએ આ જ છે પર્યુષણ પર્વનો મુખ્ય સંદેશ**

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

પર્યુષણ એટલે પોતાની પાસે આવવું. પોતાના આત્માની નજીક જવું. જૈન ધર્મમાં પર્યુષણ સૌથી મોટું પર્વ છે. તેને આત્માના શુદ્ધિકરણનું પર્વ કહેવાય છે. આ આઠ દિવસ સુધી ચાલે છે. શ્વેતાંબર સમાજમાં તેને પર્યુષણ અને દિગંબર સમાજમાં દસ લક્ષણ પર્વ કહે છે. આ દિવસોમાં લોકો ઉપવાસ કરે છે. તેઓ ધ્યાન કરે છે. તેઓ ગ્રંથો વાંચે છે. ક્રોધ, માન, માયા અને લોભથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે.

જૈન ધર્મની પરંપરા અતિ પ્રાચીન છે. તે અહિંસા પર આધારિત છે. જૈન ધર્મમાં કહેવાયું છે કે દરેક જીવમાં આત્મા છે. કોઈ જીવને દુઃખ ન આપવું જોઈએ. ભગવાન મહાવીર સ્વામીએ આ માર્ગ બતાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ક્ષમા એ વીરોનું ભૂષણ છે. જૈન સાધુઓ આખું વર્ષ ફરે છે. પરંતુ ચોમાસામાં એક જગ્યાએ રોકાય છે. જેથી નાના જીવોને નુકસાન ન થાય. આ રોકાવાના સમયને ચાતુર્માસ કહે છે. પર્યુષણ આ ચાતુર્માસ દરમિયાન આવે છે.

ક્ષમાપના નો સાચો અર્થ સમજવો જરૂરી છે.

પર્યુષણનો છેલ્લો દિવસ એટલે સંવત્સરી. આ દિવસને ક્ષમાપના દિવસ કહે છે. આ દિવસે બધા લોકો એકબીજાને કહે છે, "મિચ્છામિ દુક્કડમ". તેનો અર્થ છે, મારા દ્વારા થયેલા દરેક ખરાબ કાર્ય માટે મને માફ કરો. જો મેં જાણતા કે અજાણતા તમારું મન દુભાવ્યું હોય, તો મને માફ કરો. આ માત્ર બોલવાનું નથી. તે દિલથી અનુભવવાનું છે.આજે પરંપરા ઔપચારિક બને નહી એ વસ્તુ જરૂરી છે.તમને માફ કરુંછું એ વસ્તુ માત્ર શાબ્દિક ઉચ્ચારણ બનીને રહી જાય તો એનો કોઈ અર્થ નથી. ક્ષમા દિલથી આપવાની છે.

મિચ્છામિ દુક્કડમ્ નું રહસ્ય આજે બહુ ઓછા લોકો જાણે છે.આ નાનો શબ્દ ખૂબ શક્તિશાળી છે. તે અહંકારને તોડી નાખે છે. જ્યારે આપણે કોઈની સામે હાથ જોડીને માફી માંગીએ છીએ, ત્યારે આપણો અહંકાર ઓગળી જાય છે. આપણે નાના બનીએ છીએ. અને નાનું બનવું એ જ મોટું બનવાની શરૂઆત છે. આ શબ્દ કહે છે કે હું સંપૂર્ણ નથી. મારાથી ભૂલ થઈ શકે છે.

જીવનમાં ક્ષમાનું મહત્વ આજના સમયમાં અનેક ગણું વધી ગયું છે. જીવનમાં આગળ વધવા માટે આ જરૂરી છે.

જીવનમાં દરેક વ્યક્તિથી ભૂલ થાય છે. ક્યારેક આપણે કોઈને દુઃખ પહોંચાડીએ છીએ. ક્યારેક કોઈ આપણને દુઃખ પહોંચાડે છે. જો આપણે તે દુઃખને મનમાં રાખી મૂકીએ, તો તે બોજ બની જાય છે. તે બોજ આપણને આગળ વધવા દેતો નથી. ક્ષમા તે બોજને ઉતારી દે છે. તે મનને હળવું કરે છે.

આગળ વધવા માટે ક્ષમા શા માટે જરૂરી છે? એવો પ્રશ્ન દરેકના મનમાં જાગે તે સ્વાભિવિક છે.

વિચારો, તમે ખભા પર ભારે થેલો લઈને ચાલો છો. તમે ઝડપથી ચાલી શકશો? ના. એમ જ, મનમાં ગુસ્સો, નફરત અને બદલાની ભાવના હોય તો જીવનમાં આગળ વધી શકાતું નથી. ક્ષમા એ થેલો ઉતારી દેવા જેવી છે. જે વ્યક્તિ માફ કરતા શીખી જાય છે, તે જીવનમાં શાંત રહે છે. તે નવા સંબંધો બનાવી શકે છે. તે પોતાના કામ પર ધ્યાન આપી શકે છે. માફી એ ભૂતકાળને ભૂલીને ભવિષ્ય તરફ જોવાનું નામ છે.

અહંકારથી મુક્તિનો માર્ગ એટલે આ પર્વ.ઘણી વખત આપણે માફી નથી માંગતા. કારણ કે આપણને એમ લાગે છે કે આપણે નાના થઈ જઈશું. આ અહંકાર છે. અહંકાર માણસનો સૌથી મોટો દુશ્મન છે. ક્ષમાપના અહંકારને મારવાનો દિવસ છે. તે દિવસે કહેવાય છે કે કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. બધા સમાન છે. સંબંધોને જોડતી ક્ષમા આજની તારીખે ખૂબ જરૂરી છે.




આજે સંબંધો તૂટી રહ્યા છે. નાની નાની વાતમાં ઝઘડા થાય છે. ક્ષમા સંબંધોને જોડવાનું કામ કરે છે. એક વખત દિલથી કહેલું મિચ્છામિ દુક્કડમ્ વર્ષો જૂના ઝઘડાને પૂરો કરી દે છે. પરિવારમાં, મિત્રોમાં અને સમાજમાં પ્રેમ વધે છે.

મનની શાંતિ માટે ક્ષમા જરૂરી છે.

જે વ્યક્તિ બીજાને માફ નથી કરતી, તે રાત્રે શાંતિથી સૂઈ શકતી નથી. તેના મનમાં હંમેશા વિચારો ચાલે છે. ક્ષમા મનને શાંત કરે છે. તે હૃદયને સાફ કરે છે. જ્યારે હૃદય સાફ હોય છે, ત્યારે જ ભગવાન ત્યાં વસે છે.

આજના સમયમાં ક્ષમાપનાનો સંદેશ સૌ માટે સમાન છે.આજે સોશિયલ મીડિયાનો યુગ છે. લોકો એકબીજાને ઝડપથી દુઃખ પહોંચાડે છે. આવી સ્થિતિમાં ક્ષમાપનાનું મહત્વ વધી ગયું છે. આ પર્વ આપણને શીખવે છે કે બોલતા પહેલા વિચારો. જો ભૂલ થઈ જાય તો માફી માંગવામાં મોડું ન કરો. અને કોઈ માફી માંગે તો તેને દિલથી માફ કરો. આ જ સાચો ધર્મ છે. આ જ સાચું જીવન છે.

છેલ્લે, ક્ષમાપના એ એક દિવસનો તહેવાર નથી. તે જીવન જીવવાની કળા છે. ચાલો, આપણે પણ આજથી નક્કી કરીએ. અમે કોઈનું મન નહીં દુભાવીએ. અને જો ભૂલ થશે તો તરત જ માફી માંગી લઈશું.

# સાત્વિક અને ચિરાગે ઈતિહાસ રચ્યો, ચીની જોડીને હરાવીને પહેલીવાર ચાઈના માસ્ટર્સનો ખિતાબ જીત્યો

નવીદિલ્હી,

ભારતની સ્ટાર બેડમિન્ટન જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ પહેલીવાર ચાઈના માસ્ટર્સનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. ફાઈનલ મેચમાં, તેમણે ચીની જોડી હી જી ટીંગ અને રેન ઝિયાંગ યુને ૧૧-૨૧, ૨૧-૧૩, ૨૧-૧૭ થી હરાવી હતી. પહેલો સેટ ગુમાવ્યા બાદ, ભારતીય જોડીએ શાનદાર વાપસી કરી અને આગામી બે સેટ જીતીને મેચ જીતી લીધી. આ વિજય સાથે, સાત્વિક અને ચિરાગે તેમની અગાઉની બે ફાઈનલ હારની નિરાશાને દૂર કરી. સાત્વિક અને ચિરાગે અગાઉ સેમિફાઈનલમાં નૂર મોહમ્મદ અઝરીન અયુબ અને ટેન વી કિઓંગની મલેશિયન જોડીને હરાવી હતી.

ફાઈનલ મેચની શરૂઆતમાં, હી જી ટીંગ અને રેન ઝિયાંગ યુની ચીની જોડીએ ખૂબ જ આક્રમક રમત રમી. તેમણે સાત્વિક અને ચિરાગને કોઈ તક આપી નહીં અને પહેલી ગેમ ૨૧-૧૧ થી સરળતાથી જીતી લીધી. જોકે, પહેલો સેટ ગુમાવ્યા બાદ ભારતીય જોડીએ હાર માની નહીં. બીજી ગેમમાં, સાત્વિક અને ચિરાગે ઉત્તમ સંકલન અને બુદ્ધિમત્તા સાથે રમીને વિરોધી ટીમ પર દબાણ બનાવ્યું. પરિણામે, તેમણે બીજી ગેમ ૨૧-૧૩ થી



જીતી, મેચ ૧-૧ થી બરાબર કરી.

ત્રીજી અને અંતિમ ગેમમાં બંને ટીમો વચ્ચે જોરદાર મુકાબલો જોવા મળ્યો, પરંતુ ભારતીય જોડીએ નિર્ણાયક ક્ષણોમાં પોતાનું સંયમ જાળવી રાખ્યું. સાત્વિક અને ચિરાગે મેચના દબાણને ખૂબ જ સારી રીતે સંભાળ્યું અને ૨૧-૧૭ થી રમત જીતી. તેમની જીત સાથે, તેઓએ ચાઈના માસ્ટર્સ ટ્રોફી પણ જીતી. આ જીત સાથે, સાત્વિક અને ચિરાગે આખરે ૨૦૨૩ અને ૨૦૨૫ ની ફાઈનલમાં હારના દુખાવાને દૂર કર્યો.

ચાઈના માસ્ટર્સ ટુર્નામેન્ટ હંમેશા સાત્વિક અને ચિરાગ માટે મુશ્કેલ રહી છે. અગાઉ, ભારતીય જોડી ૨૦૨૩ અને ૨૦૨૫ માં ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ બંને વખત રનર-અપ રહી હતી. આ વખતે પણ, તેઓએ ફાઈનલમાં ચીનની એક મજબૂત સ્થાનિક ટીમનો સામનો કર્યો હતો, પરંતુ સાત્વિક અને ચિરાગે ભારે દબાણ છતાં નોંધપાત્ર વાપસી કરી અને ટ્રોફી જીતી. ચીનની ધરતી પર આ જીત ભારતીય જોડી માટે એક મોટી સિદ્ધિ છે.

# સીપીએલમાં ઈમરાન તાહિરની ટીમની સતત છઠ્ઠી જીત : ઓલરાઉન્ડર મોહમ્મદ નબીએ ૪ વિકેટ લીધી

નવીદિલ્હી,

સીપીએલ ૨૦૨૬ ની ૨૮મી મેચ ગુયાના એમેઝોન વોરિયર્સ અને સેન્ટ કિટ્સ અને નેવિસ પેટ્રિઓટ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં, ગુયાનાએ સેન્ટ કિટ્સને સાત વિકેટથી હરાવીને સિઝનમાં સતત છઠ્ઠી જીત નોંધાવી. આ જીત સાથે, ઈમરાન તાહિરની કેપ્ટનશીપવાળી ગુયાના પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ. તેમની ટીમ આ સિઝનમાં એક પણ મેચ હાર્યું નથી. આ મેચમાં ગુયાનાની જીતનો હીરો ૪૧ વર્ષીય અફઘાન ઓલરાઉન્ડર મોહમ્મદ નબી હતો. તેણે બેટ અને બોલ બંનેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ગુયાના પહેલા, એન્ટિગુઆ અને બાર્બુડા ફાલ્કન્સ પહેલાથી જ



પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ચૂક્યા હતા.આ મેચમાં સેન્ટ કિટ્સને પ્રથમ બેટિંગ કરવાની તક આપવામાં આવી હતી. તેમની આખી ટીમ ૨૦ ઓવર સુધી બેટિંગ કરી શકી ન હતી, ૧૯.૨ ઓવરમાં ૧૨૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ માટે એલિક એથાનાસે સૌથી વધુ રન બનાવ્યા હતા. તેમણે ૩૯ બોલમાં બે ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૫૨ રન બનાવ્યા હતા. કાયલ મેયર્સ અને દાસુન શનાકાએ ૨૦-૨૦ રનનું યોગદાન આપ્યું હતું. ઓપનર જોહ્નસન ચાર્લ્સે ૧૫ બોલમાં ૧૩ રન બનાવ્યા હતા.

# નાઈજીરીયાએ ઝિમ્બાબ્વેને રોમાંચક મેચમાં ૪ રનથી હરાવીને ૨૦૨૭ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું

નવીદિલ્હી,

નાઈજીરીયાની મહિલા ક્રિકેટ ટીમે રોમાંચક મેચમાં ઝિમ્બાબ્વેને ૪ રનથી હરાવીને ૨૦૨૭ અંડર-૧૯ ટી ૨૦ વર્લ્ડ કપમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું છે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન એક પણ મેચ હાર્યા વિના ક્વોલિફાય કરનાર નાઈજીરીયા આફ્રિકાની એકમાત્ર ટીમ બની. ટીમ હવે દક્ષિણ આફ્રિકાની સાથે વર્લ્ડ કપમાં તેના ખંડનું પ્રતિનિધિત્વ કરશે. બાંગ્લાદેશ અને નેપાળ આ મુખ્ય ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યા છે.

મેચમાં પ્રથમ બેટિંગ કરતા, નાઈજીરીયાએ મુશ્કેલ પીચ પર ૯૮ રન બનાવ્યા, જેમાં કેપ્ટન ક્રિસ્ટેબેલ ચુક્વુનીયે ૨૧, બ્યુટી ઓગુઈએ ૧૯ અને જેસિકા



બિએનીએ ૧૫ રનનું યોગદાન આપ્યું. ઝિમ્બાબ્વે તરફથી ક્રિસ્ટીન મુટાસાએ બે અને તાદિવાનાશે ગારુત્સાએ એક વિકેટ લીધી. જવાબમાં, નાઈજીરીયાના બોલરોએ શાનદાર અને સચોટ બોલિંગ કરી, ઝિમ્બાબ્વેને છેલ્લી ઓવરના પાંચમા બોલ પર ૯૪ રનમાં આઉટ કરીને વિજય મેળવ્યો.

૯૯ રનના લક્ષ્યનો પીછો કરતા, ઝિમ્બાબ્વેએ અંત સુધી નિયંત્રણ જાળવી રાખ્યું. સેલેમ મુસેકાએ સૌથી વધુ ૨૭ રન બનાવ્યા, જ્યારે બેથેલ ગિનિયામાએ ૨૧ અને નિકોલેટ ન્યાકાએ ૧૮ રનનું યોગદાન આપ્યું. નાઈજીરીયાના બોલરોએ યોગ્ય સમયે વિકેટ લઈને દબાણ જાળવી રાખ્યું. અંતે, ઝિમ્બાબ્વે મહિલા ટીમ વિજયથી દૂર રહી. યુસૈન પીસ સૌથી સફળ બોલર રહી, તેણે ત્રણ વિકેટ લીધી. જેનિફર ગોડવિન અને એન્નોયેડ અખીગ્બેએ બે-બે વિકેટ લીધી જેથી તેમની ટીમ આ નાના કુલ સ્કોરનો બચાવ કરી શકે અને વિજય મેળવી શકે.

પ્લેઓફ મેચોમાં, પાંચમા સ્થાન માટેની મેચમાં તાંઝાનિયાએ કેન્યાને ૨૯ રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, તાંઝાનિયાએ ૧૦૬ રન બનાવ્યા અને પછી કેન્યાને ૧૯ ઓવરમાં ફક્ત ૭૭ રનમાં ઓલઆઉટ કરી દીધું.

# રિંકુ સિંહની કેપ્ટનશીપ હેઠળ મેરઠની ટીમ બની ચેમ્પિયન ફાઈનલ મેચમાં લખનૌને ૯૪ રનથી હરાવ્યું

મેરઠ,

યુપી ટી૨૦ લીગ ૨૦૨૬ ની ફાઈનલમાં, રિંકુ સિંહની કેપ્ટનશીપ હેઠળ મેરઠ મેવેરિક્સે ભુવનેશ્વર કુમારની લખનૌ ફાલ્કન્સને ૯૪ રનથી હરાવ્યું. લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં, મેરઠ શરૂઆતથી જ પ્રભુત્વ ધરાવતું રહ્યું અને પહેલી વાર ફાઈનલ રમી રહેલા લખનૌને વાપસીની કોઈ તક આપી નહીં. નોંધનીય છે કે મેરઠ સતત ચોથી વખત આ લીગની ફાઈનલમાં પહોંચ્યું. રિંકુ સિંહે અગાઉ દુલીપ ટ્રોફીમાં ઉપ-કેપ્ટન તરીકે સેવા આપી હતી.

મેરઠ મેવેરિક્સના કેપ્ટન રિંકુ સિંહે ટોસ જીતીને પ્રથમ બેટિંગ



કરવાનો નિર્ણય લીધો. ઓપનર સ્વસ્તિક ચિકારા અને દિવ્યાંશ જોશીએ ૫૩ રનની ઝડપી ઓપનિંગ ભાગીદારી કરી. ત્યારબાદ ઓપનર દિવ્યાંશ જોશીએ ધમાકેદાર પ્રદર્શન કર્યું અને લખનૌના બોલરોને ચકનાચૂર કર્યા. તેણે અનુભવી બોલર ભુવનેશ્વર કુમાર સહિત આખી ટીમ પર હુમલો કર્યો અને માત્ર ૪૦ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકારીને ૧૦૫ રનની ધમાકેદાર સદી ફટકારી. જોશીની શાનદાર સદીથી મેરઠ મેવેરિક્સે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૩ રનનો મજબૂત સ્કોર બનાવ્યો.૨૦૪ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતી વખતે, લખનૌ ફાલ્કન્સ દબાણ હેઠળ તૂટી પડ્યું. લખનૌનો કોઈ પણ બેટ્સમેન મેરઠની ચુસ્ત બોલિંગ સામે ટકી શક્યો નહીં, અને ટીમની વિકેટ પડતી રહી. અજિત વર્માએ થોડો પ્રતિકાર દર્શાવ્યો, ૨૪ બોલમાં ૩૯ રન બનાવ્યા, પરંતુ તેમના રનઆઉટથી લખનૌની બાકીની આશાઓ ખતમ થઈ ગઈ. મેરઠના બોલર વિશાલ ચૌધરીએ ઘાતક બોલિંગ કરી, ૨૪ રનમાં ૪ વિકેટ લીધી, જેનાથી લખનૌનો મધ્યમ ક્રમ તૂટી ગયો. લખનૌ ફાલ્કન્સ આખરે માત્ર ૧૬ ઓવરમાં ૧૦૯ રનમાં ઓલઆઉટ થઈ ગયુ.

# હાર્દિક પંડ્યા સાથેનો વીડિયો વાયરલ થતા બોલીવુડ અભિનેત્રી અમીષા પટેલ નારાજ





મુંબઇ,

બોલીવુડ અભિનેત્રી અમીષા પટેલ તાજેતરમાં મુંબઈની તાજ પેલેસ હોટેલમાં જોવા મળી હતી, જ્યાં સ્ટાર ક્રિકેટર હાર્દિક પંડ્યા પણ હાજર હતો. આ દરમિયાન, અમીષા અને હાર્દિક ગપસપ કરતા જોવા મળ્યા, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો. વીડિયોમાં, અમીષા હાર્દિક પંડ્યાને તેના મિત્રો સાથે પરિચય કરાવતી જોવા મળી. આ વીડિયો સામે આવતાની સાથે જ કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે દાવો કરવાનું શરૂ કરી દીધું કે બંને વચ્ચે મિત્રતા કરતાં પણ વધુ કંઈક હતું. અમિષાએ હવે આ અફવાઓનો જવાબ આપ્યો છે.એક યુઝરે અમિષા અને હાર્દિક પંડ્યાની વાતચીતનો ક્લિપ શેર કર્યો, જે સૂચવે છે કે તેમની વાતચીત ફક્ત મિત્રતા કરતાં પણ વધુ હતી. યુઝરે તેમની વાતચીત દરમિયાન એક ક્ષણ તરફ ધ્યાન દોર્યું જ્યારે અમિષાએ હાર્દિક પંડ્યાના ખભા પર હાથ મૂક્યો. અમિષાએ આ પોસ્ટ જોતાં જ તે ગુસ્સે થઈ ગઈ. તેણે સોશિયલ મીડિયા યુઝરની એક સામાન્ય, મૈત્રીપૂર્ણ હાવભાવને રોમાંસ સાથે ભેળસેળ કરવા બદલ ટીકા કરી.એક્સ યુઝરે અમિષા પટેલ અને હાર્દિક પંડ્યાની વાતચીતનો એક વિડિયો શેર કર્યો, જેમાં લખ્યું, "બેંગલુરુની એક હોટલમાં પાર્ટી દરમિયાન અમિષાએ જે રીતે હાર્દિકના ખભા પર હાથ મૂક્યો તે રેડિટ પર ફેલાતી અફવાઓની પુષ્ટિ કરે છે."

# પ્રિયંકા ચોપરાએ બિગ બોસ-૨૦ ની સફર માટે મેરી કોમને શુભકામનાઓ પાઠવી

મુંબઇ,

ભારતની સૌથી પ્રખ્યાત બોક્સર, મેરી કોમ, સલમાન ખાનના રિયાલિટી શો 'બિગ બોસ ૨૦' માં ભાગ લેનારા ટીવી કલાકારો અને કન્ટેન્ટ સર્જકોમાંની એક છે. તેણીને ટેકો આપવા માટે, બોલિવૂડ અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ તેણીને એક ખાસ સંદેશ મોકલ્યો, જેમાં તેણીને ઉત્સાહિત કરવામાં આવ્યો. દેશી ગર્લનો આ વીડિયો સૌપ્રથમ બિગ બોસ સીઝન ૨૦ ના ગ્રાન્ડ પ્રીમિયર દરમિયાન ટીવી પર બતાવવામાં આવ્યો હતો. ત્યારબાદ નિર્માતાઓએ પ્રિયંકાના આ વીડિયોને સોશિયલ મીડિયા પર શેર કર્યો, જેમાં તે મેરી કોમને ટેકો આપતી જોવા મળે છે.





મેરી કોમ બિગ બોસના ઘરમાં પ્રવેશ કરે તે પહેલાં, હોસ્ટ સલમાન ખાને ખુલાસો કર્યો કે એક શુભેચ્છકે તેણીને એક ખાસ સંદેશ મોકલ્યો હતો. ત્યારબાદ પ્રિયંકાનો એક વીડિયો સંદેશ ચલાવવામાં આવ્યો હતો, જેમાં તેણીએ કહ્યું હતું કે, "હું તમને બધાને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. તમે બિગ બોસના ઘરમાં પ્રવેશ કરી રહ્યા છો, અને હું જાણું છું કે તમે કેટલા મજબૂત અને દૃઢ નિશ્ચયી છો."

પ્રિયંકા ચોપરાએ આગળ કહ્યું, "બીજા ઘરના સભ્યો માટે એક નાની ચેતવણીઃ જો તમે મેરી સામે ટકી રહેવા માંગતા હો, તો લાંબા અંતર માટે તૈયાર રહો. તેનો પરાજય ખૂબ મોંઘો છે. મેરી, ફક્ત તમારી જાત બનો, ખુલ્લા હૃદયથી રમો. હું ખરેખર તમારી સફરની રાહ જોઈ રહી છું. ઘણો પ્રેમ, અને હું હંમેશા તમારા માટે પ્રાર્થના કરું છું."પ્રિયંકાએ ભારતીય બોક્સર મેરી કોમની બાયોપિકમાં મેરી કોમની ભૂમિકા ભજવી હતી. ઓમંગ કુમાર દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં પ્રિયંકા ચોપરા અને દર્શન કુમાર મુખ્ય ભૂમિકામાં હતા. સુનીલ થાપાએ પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ૨૦૧૪ માં રિલીઝ થયેલી આ ફિલ્મને સકારાત્મક સમીક્ષાઓ મળી હતી અને તે સમયે મહિલા-પ્રમુખ ભારતીય ફિલ્મ માટે સૌથી વધુ ઓપનિંગ સપ્તાહના કમાણીનો રેકોર્ડ બનાવ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી અને તેને સંપૂર્ણ મનોરંજન પૂરું પાડતી શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો હતો.'બિગ બોસ ૨૦' ના પ્રીમિયરમાં, મેરીએ તેના બાળકોને સલમાન ખાન સાથે પરિચય કરાવ્યો. હોસ્ટ સાથે તેના પુત્રોની રમૂજી વાતચીત સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ભારતીય બોક્સરે વધુ સમય બગાડ્યો નહીં, અને પહેલા જ દિવસે, તેણી ગાયક કાઝી તૌકીર સાથે પથારીને લઈને દલીલમાં પડી ગઈ.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | વિ | ર | કા | ણિ | કા | ત | ળ | શિ | ણિ | ગી | મ |
| ર | ચા | સા | ત | કુ | ળો | ળ | ક્ષ | ઇ | સ | બા | ધ |
| વા | ર | ક | તુ | ણે | મો | ક | વિ | રો | ર | અઃ | ક |
| ળો | ણા | જી | કી | મા | દ | બં | જી | સા | બા | જ્ઞા | ડો |
| ળો | ઔ | શિ | કા | ર | મા | રો | ખ | ણ | ક | બૂ | ર |
| કા | ગ | વિ | ક્ષ | ગ | શિ | ગ | હા | મો | પ્ર | ણ | બા |
| વા | ર | જ્ઞા | સ | ણ | હિ | તી | ર | ભો | કા | કા | સ |
| દ | અ | ન | ક | સ | મા | ડો | બં | ર | ભા | પ્ર | અઃ |
| ર | કા | ણ | ક | રી | ઔ | ક | ધ | ણે | ર | શિ | વા |
| બ | કા | ઊ | હા | કા | સ | ન | સા | લ | સ | બ | બૂ |
| ર | ફ | ભા | ગં | ધ | બિ | સા | મા | ર | ઔ | સ | ર |
| ળ | ભો | વિ | કુ | ણ | કા | ક્ષ | બા | શિ | બૂ | ગ | ગી |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# અભિનેતા ગોવિંદાએ મુંબઈમાં યોજાયેલ યુવા શક્તિ દહીં હાંડી કાર્યક્રમમાં હાજરી આપી

મુંબઇ,

ગોવિંદા છેલ્લા કેટલાક મહિનાઓથી તેમની પત્ની સુનિતા આહુજા સાથેના વૈવાહિક મુશ્કેલીઓ અને કોમલ રાની સાથેની તેમની આગામી ફિલ્મ "રૂપા" ની અફવાઓને કારણે સમાચારમાં છે. જ્યારે સુનિતા આહુજાએ ગોવિંદા પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા છે, ત્યારે અભિનેતાએ આ બાબતે મૌન રહ્યા છે, ફક્ત તેમની આગામી ફિલ્મ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેમાં તેઓ વાપસી કરી રહ્યા છે. દરમિયાન, ગોવિંદાએ અભિનયમાં પાછા ફરવા વિશે વાત કરી છે. શનિવારે મુંબઈમાં "યુવા શક્તિ દહીં હાંડી" કાર્યક્રમમાં હાજરી આપતા ગોવિંદાએ ખુલાસો કર્યો કે એક નહીં, પરંતુ બે ફિલ્મો એક પછી એક રિલીઝ થઈ રહી છે. તેમણે એવી



બાબતોનો પણ ઉલ્લેખ કર્યો જે તેઓ સુધારવા માંગે છે. જોકે, તેમણે કોઈનું નામ લીધું નથી.

કાર્યક્રમ પછી મીડિયા સાથે વાત કરતા, ગોવિંદાએ તેમના અંગત જીવનમાં ચાલી રહેલી સમસ્યાઓનો ઉલ્લેખ કરતા કહ્યું, "ઘણી બધી બાબતો આકાશમાં લખાયેલી છે. હું દેવી માતાને પ્રાર્થના કરું છું કે તે સાફ થાય, અને ગોવિંદા તેમને સાફ કરે." જોકે ગોવિંદાએ વાતચીત દરમિયાન કોઈનું નામ લીધું ન હતું, પરંતુ આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ગોવિંદાનું અંગત જીવન સતત હેડલાઈન્સમાં રહે છે. ગોવિંદાની પત્ની સુનિતા આહુજાએ તેમના પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. તાજેતરમાં, રાખી સાવંત સાથે વાત કરતી સુનિતાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેણી ગોવિંદા પર બીજા લગ્ન કરવાની યોજના બનાવવાનો આરોપ લગાવતી સાંભળવા મળી હતી.આ વાતચીત દરમિયાન, ગોવિંદાએ તેમના ચાહકો પાસેથી પણ સમર્થન માંગ્યું. તેમણે તેમના તરફથી મળેલા સમર્થન વિશે વાત કરી. દહીં હાંડી ઉત્સવમાં ભીડ અને વાતાવરણનો ઉલ્લેખ કરતા ગોવિંદાએ કહ્યું, "મને તમારા સમર્થન અને સહકારની જરૂર છે.

# કૈલાશ ખેરે સમય રૈના અને શેરોન વર્માના બિહારી-કાશ્મીરી જોક્સ પર નારાજગી વ્યક્ત કરી

મુંબઇ,

ગાયક કૈલાશ ખેરે સ્ટેન્ડ-અપ કોમેડી શો "ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ" પર બિહાર અને કાશ્મીર સંબંધિત જોક્સ પર ટીકા વચ્ચે લોકોને જાગૃતિ અને સભ્યતા જાળવવા અપીલ કરી છે. તેમણે લોકોને સભાન અને નમ્ર બનવાની અપીલ કરી છે. ઈન્ડિયા'ઝ ગોટ ટેલેન્ટ સીઝન ૨ માં સમય રૈના અને હાસ્ય કલાકાર શેરોન વર્મા વચ્ચે થયેલી વાતચીતની ટીકા વચ્ચે કૈલાશ ખેરનો આ પ્રતિભાવ આવ્યો છે. બિહાર અને કાશ્મીર સંબંધિત મજાકને કારણે આ શોમાં રાજકીય ચર્ચા પણ શરૂ થઈ હતી. પહેલી સીઝનના સ્પર્ધક શેરોન વર્મા, સમય રૈના, ઓરી, નિશાંત સુરી અને અર્ચના પૂરણ






સિંહ સાથે પેનલિસ્ટ તરીકે એપિસોડમાં જોડાયા હતા.કૈલાશ ખેરને કાશ્મીરી પંડિતો અને બિહારીઓ સંબંધિત નિવેદનોની હાસ્ય કલાકાર દ્વારા કરવામાં આવેલી મજાક અને સ્ટેન્ડ-અપ કોમેડી અંગે સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચા વિશે પૂછવામાં આવ્યું. કૈલાશ ખેરે પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું "જુઓ, જો હું તમને સંગીત વિશે કહું, તો સંગીત ફક્ત એક સૂર નથી; તે એવી વસ્તુ છે જે તમને હસાવી શકે છે. તે એક પ્રકારની શિસ્ત પણ છે." તેથી જ તમારે સંગીતને વળગી રહેવું જોઈએ. જો તમારું સંગીત યોગ્ય નથી, તો તમે કોઈની મજાક ઉડાવી શકો છો.

# શ્રાવણ માસના અંતિમ સોમવારે જામનગરના શિવાલયોમાં શિવભક્તોમાં અનેરો ઉત્સાહ






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : 'છોટી કાશી' તરીકે પ્રચલિત અને નાના-મોટા અસંખ્ય શિવાલયોથી શોભતા જામનગર શહેરમાં પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે ગઈકાલે વહેલી સવારથી જ ભક્તિ અને આસ્થાનો માહોલ છવાઈ ગયો હતો. શ્રાવણના છેલ્લા સોમવારના પવિત્ર દિવસે ભગવાન ભોળાનાથના દર્શન માટે શહેરના વિવિધ શિવાલયોમાં મોટી સંખ્યામાં શિવભક્તો ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ મંદિરોમાં દર્શનાર્થીઓની કતારો જોવા મળી હતી અને 'હર હર મહાદેવ', 'બમ બમ ભોલે'ના જયઘોષથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા. શ્રાવણના સોમવારનું ધાર્મિક દૃષ્ટિએ વિશેષ મહત્વ હોવાથી અંતિમ સોમવારે પણ ભક્તોએ વહેલી સવારથી શિવલિંગ પર જળાભિષેક કરી બિલિપત્ર, ફૂલ સહિતની પૂજા સામગ્રી અર્પણ કરી હતી. અનેક શિવાલયોમાં ભક્તો દ્વારા રુદ્રાભિષેક સહિતની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓએ ભગવાન ભોળાનાથના દર્શન કરી પરિવારની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી. જામનગરના પુરાણપ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવ મંદિર, નગરના મધ્યમાં આવેલા સુપ્રસિદ્ધ ભીડભંજન મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, નાગેશ્વર મહાદેવ, નીલકંઠ મહાદેવ, વૈજનાથ મહાદેવ, પ્રતાપેશ્વર મહાદેવ, નર્મદેશ્વર મહાદેવ, જળેશ્વર મહાદેવ, સુખનાથ મહાદેવ અને મણીકંકેશ્વર મહાદેવ મંદિર સહિતના વિવિધ શિવાલયોમાં વહેલી સવારથી જ શિવભક્તોમાં ભક્તિનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## જામનગરના શંકરટેકરીમાં મકાનમાંથી દારૂના ૧૩ ચપલા સાથે શખ્સ ઝડપાયો



જામનગર : જામનગર શહેરમાં પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિ પર અંકુશ મેળવવા પોલીસ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે એલ.સી.બી.ની ટીમે શંકરટેકરી વિસ્તારમાં રહેણાંક મકાનમાં દરોડો પાડી ઈંગ્લીશ દારૂની ૧૩ બોટલ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો.

શહેરના શંકરટેકરી નવી નિશાળ પાસે કરીમભાઈ વેલ્ડિંગવાળાની ગલીમાં રહેતા સદામહુશેન આદમભાઈ ખીરાના રહેણાંક મકાનમાં દારૂની બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. તપાસ દરમિયાન મકાનમાંથી ઈંગ્લીશ દારૂની ૧૩ બોટલ, કિંમત રૂ.૧,૭૫૫ તેમજ રૂ.૨,૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩,૭૫૫નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે સદામહુશેન ખીરાને ઝડપી લીધો હતો. પકડાયેલા શખ્સને દારૂનો જથ્થો પહોંચાડનાર તરીકે જતીનભાઈ દામા, (રહે. શંકરટેકરી) તેમજ દારૂનો સપ્લાયર દીપ સોંદરવા, (રહે. શંકરટેકરી, સિદ્ધાર્થ કોલોની)ના નામ ખુલતા. બંનેને ઝડપી પાડવા માટે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## જામનગર શહેર-જિલ્લામાં અકસ્માતની પાંચ ઘટનામાં સાત વ્યક્તિઓ ઘાયલ, બેની હાલત ગંભીર

જામનગર : જામનગર શહેર તથા જિલ્લામાં અલગ અલગ સ્થળે સર્જાયેલા પાંચ માર્ગ અકસ્માતમાં સાત વ્યક્તિને ઈજાઓ પહોંચી હતી. જેમાં બે વૃદ્ધ સહિત ત્રણ વ્યક્તિને ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ચાર અકસ્માતમાં ટક્કર મારનાર વાહનચાલકો વાહન સાથે નાસી છૂટતાં પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

જામનગરના આલાપ સોસાયટીમાં રહેતા અને ગુરુદ્વારા ચોકડી ખાતેની બેંકમાં સહાયક મેનેજર તરીકે નોકરી કરતા ૨૨ વર્ષીય શકતીરાજસિંહ ગુણવંતસિંહ ઝાલા લાલપુર બાયપાસ ચોકડીથી ચા લઈને પગપાળા ઘરે પરત ફરી રહ્યા હતા. અવધ હોન્ડાના શોરૂમ સામે પહોંચતાં અજાણી ફોરવ્હીલ ગાડીના ચાલકે પાછળથી ટક્કર મારતાં તેઓ રોડ પર પટકાઈ વાહન નીચે ફસાઈ ગયા હતા. આસપાસના લોકોએ વાહન ઊંચું કરી તેમને બહાર કાઢ્યા હતા. જેને સારવાર અર્થે ખસેડાયા હતા.

બીજા બનાવમાં જામનગર નજીક ઠેબા ચોકડીથી વિંજરખી ગામ તરફ મોટરસાઈકલ પર જતા ૬૫ વર્ષીય દાનાભાઈ નથુભાઈ પરમારને તા.૩ સપ્ટેમ્બરે સાંજે થાવરિયા પાસે આઈ.ઓ.સી.ના ગેટ નજીક અજાણી ફોરવ્હીલ ગાડીએ અડફેટે લીધા હતા. માથામાં ગંભીર ઈજા ઉપરાંત બંને પગ તથા જમણા હાથના કોણી અને જમણા પગમાં ઈજાઓ થતાં ૧૦૮ મારફતે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જે મામલે પુત્ર અજયભાઈ પરમારની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ સિવાઈ કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામના પાટીયા પાસે તા.૩ સપ્ટેમ્બરે દિનેશભાઈ આણાભાઈ બામરીયાને કાલાવડ તરફથી આવતી ફોરવ્હીલ ગાડી નં. જીજે-૦૩-એનએફ-૨૧૮૬ના ચાલકે અડફેટે લેતા અકસ્માત થયો હતો. રોડ ક્રોસ કરી રહેલા દિનેશભાઈને અકસ્માતમાં બંને પગમાં ફ્રેક્ચર તથા કપાળના ભાગે ગંભીર ઈજા થઈ હતી. જેને સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માત બાદ ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. દિનેશભાઈની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત લાલપુર તાલુકાના ગજણા ગામના બસ સ્ટેશન આગળ તા.૧૮ ઓગસ્ટે મુરીલા ગામના હાજાભાઈ કેસુરભાઈ બંધીયા પત્ની ભાવનાબેન સાથે મોટરસાઈકલ નં. જીજે-૧૦-બીસી-૨૨૭૪ પર લાલપુર તરફ જઈ રહ્યા હતા ત્યારે ગોળાઈમાં બોલેરો પીકઅપ નં. જીજે-૩૭-વી-૬૭૮૭ના ચાલકે ટક્કર મારતાં બંને રોડ પર પટકાયા હતા. હાજાભાઈના જમણા હાથમાં ફ્રેક્ચર થયું હતું, જ્યારે ભાવનાબેનના જમણા ખભામાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અને શસ્ત્રક્રિયા કરાવવી પડી હતી.

તેમજ જામનગરના ડી.કે.વી. સર્કલ પાસે તા.૧ સપ્ટેમ્બરની રાત્રે વોકિંગ માટે નીકળેલા ૭૮ વર્ષીય અરવિંદભાઈ સુરાણીને એક્ટિવા નં. જીજે-૧૦-ડીએમ-૪૨૯૭ના ચાલકે અડફેટે લીધાં હતા. જી.જી. હોસ્પિટલ તરફથી ડી.કે.વી. સર્કલ તરફ આવતી એક્ટિવાની ટક્કરથી અરવિંદભાઈને માથામાં મુઢ માર તથા ડાબા પગની પેનીના ભાગે ફ્રેક્ચર થતાં તેમને જી.જી. હોસ્પિટલમાં બેભાન હાલતમાં સારવાર માટે ખસેડાયા હતા. પુત્ર જીતેન્દ્રભાઈની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

## દ્વારકા જિલ્લામાં સપરમાં દિવસે આપઘાત- અપમૃત્યના બે બનાવ

દ્વારકા : દ્વારકા જિલ્લામાં આપઘાત અને અપમૃત્યુના બે બનાવ સપરમાં દિવસોમાં પોલીસ દફતરે નોંધાયા છે જેમાં ઓખા ખાતે પરણીતાએ ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી તેમજ કાટકોલા ગામના વૃદ્ધનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યું હોઈ બન્ને બનાવ અંગેની જાણ થતા સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ આગળની તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મુળ બિહાર રાજ્યના અને હાલ ઓખામાં કોસ્ટગાર્ડ હેડ ક્વાટર્સ ખાતે રહેતી મુસ્કાનકુમારી વિકાસ ભાસ્કર નામની પરણીતાએ પોતાના રહેણાંક મકાનમાં ગત તા. ૭ ના રોજ પંખાના હુંકમાં ઓઢણી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી ગઈ છે. આ બનાવની મૃતકના પતિ વિકાસ ભાસ્કર બ્રહ્મદેવનારાયણ દ્વારા ઓખા મરીન પોલીસને જાણ કરવામાં આવતા પી. એસ. આઈ. કે. એમ. જાડેજા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. મૃતક પરણીતા રાત્રીના સમયે ગુસ્સામાં બોલબોલ કરતી હોઈ આ વેળાએ તેણીના પતિએ ઉંચા અવાજે નહી બોલવા અને શાંતિ રાખવા તેમજ ખોટો ગુસ્સો નહીં કરવાનું કહેતા મનમાં લાગી આવતા તેણીએ અંતિમ પગલું ભરી લીધું હતું.

જ્યારે ભાણવડ તાલુકાના કાટકોલા ગામમાં રહેતા ઉકાભાઈ બધાભાઈ વડાણીયા નામના ૭૦ વર્ષના વૃદ્ધ ગત તા. ૫ ના રોજ પોતાની વાડીએ હોઈ ત્યારે એકાએક તેઓનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે ભાણવડ પોલીસ દફતરે મૃતકના પુત્ર કારૂભાઈ વડાણીયાએ જાણ કરતા હે. કો. બી. એ. વસરા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

## જામનગરમાં વેપારી પર ધંધાની અદાવતમાં છરી વડે ત્રણ શખ્સોનો હુમલો

જામનગર : જામનગરના શરુ સેકશન રોડ પર માસ્તર સોસાયટી પાછળ ફીયોનીકા સોસાયટી નજીક રામાપીર મંદિર પાસે પાણીના ધંધાની અદાવતમાં વેપારી પર છરી વડે હુમલો કરાયાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ અંગે પોલીસ ૩ શખ્સો સામે ગુનો નોંધી તપાસ ચક્રો ગતિમાન કર્યા છે.

પાણીના ધંધા સાથે જોડાયેલા મહેશભાઈ દામજીભાઈ પરમાર (ઉં.વ. ૫૫) એ આરોપી અશ્વીન પોલાભાઈ વિરમગામા, નીલેશ અશ્વીનભાઈ વિરમગામા અને અશ્વીનભાઈના પુત્ર સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર પાણીના ધંધાની અદાવત રાખી આરોપીઓ મહેશભાઈ પાસે ફોચ્યા હતા અને તેને ગાળો આપી એક આરોપીએ છરી વડે તેમના ગાલ પર છરકો મારી દેતાં લોહી નીકળતી ઈજા થઈ હતી. ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી હુમલો કર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. જેના આધારે પોલીસે તમામ સામે ગુનો નોંધી ઊંડી તપાસ આરંભી છે.

## જામનગર જિલ્લામાં અકાળે મોતના ત્રણ બનાવથી પંથકમાં અરેરાટી

### કાલાવડમાં કૂવામાં પડી શ્રમિકનું મોત, ધ્રોલમાં વેપારીને હાર્ટ એટેક ભરખી ગયો : પથરીની બીમારીથી કંટાળી યુવકનો આપઘાત

જામનગર : જામનગર જિલ્લામાં અલગ-અલગ સ્થળે અકસ્માતે, અકાળે અને આકસ્મિક રીતે મોત નિપજવાના ત્રણ બનાવ સામે આવ્યા છે. કાલાવડના નાની વાવડી ગામે વાડીના કૂવામાં અકસ્માતે પડી ગયેલા ૩૦ વર્ષીય શ્રમિકનું પાણીમાં ડૂબી જતાં કરુણ મોત થયું હતું. જ્યારે ધ્રોલની પંચવટી સોસાયટીમાં રહેતા ૬૧ વર્ષીય વેપારીને છાતીમાં બળતરા થતાં સારવાર માટે ખસેડાયા બાદ હાર્ટ એટેક આવતા મોત નિપજ્યું હતું. આ ઉપરાંત પથરીની બીમારીથી કંટાળી યુવકે ઝેરી ટીકડા ખાઈ આપઘાત કરી લેતાં પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી હતી.

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાની વાવડી ગામે મડુભાઈ સેનિયાભાઈ ઢાકિયા (ઉ.વ.૩૦, ધંધો-ખેતમજૂરી, હાલ રહે. નાની વાવડી ગામ, તા. કાલાવડ, મૂળ મધ્યપ્રદેશ) તા.૩ સપ્ટેમ્બરના રોજ બપોરે કૂવામાં મોટર બહાર કાઢવાનું કામ કરી રહ્યા હતા. દરમિયાન અકસ્માતે કૂવામાં પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ તેમજ શરીરના અન્ય ભાગે ઈજાઓ થઈ હતી. કૂવામાં રહેલા પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું.

ધ્રોલની પંચવટી સોસાયટીમાં રહેતા કિશોરભાઈ નાનાલાલ રાયમગીયા નામના ૬૧ વર્ષીય વેપારીને તા.૩ સપ્ટેમ્બરના રોજ બપોરના આશરે બે વાગ્યાના અરસામાં છાતીમાં બળતરા થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન કુદરતી હાર્ટ એટેક આવતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. વધુમાં જામનગર શહેરના ગોવાળ મસ્જિદ પાસે તળાવની પાળમાં તા.૧૮ ઓગસ્ટના રોજ દીપેન રમેશભાઈ કણઝારીયા (ઉ.વ.૨૯, રહે. ગુલાબનગર, જામનગર)એ તા.૧૮ ઓગસ્ટના રોજ સાંજે સાતેક વાગ્યે ગોવાળ મસ્જિદ પાસે તળાવની પાળમાં તેણે પોતાની જાતે ઝેરી ટીકડા પી લેતા પ્રથમ જામનગરની જે.સી.સી. હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. બાદમાં રાજકોટની હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

## રાજ્યના આરોગ્ય કમિશનરના પરિપત્રથી જામનગરમાં કર્મીઓમાં રોષ, પરિપત્ર ફાડી નાખ્યો

### દર્દીઓ સાથે ફરજિયાત સેલ્ફી અને ખાનગી મોબાઈલમાં એપ ડાઉનલોડ કરવા સામે ઉગ્ર વિરોધ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : રાજ્યના આરોગ્ય કમિશનર (ગ્રામ્ય) દ્વારા આરોગ્ય કર્મચારીઓને ખાનગી મોબાઈલમાં 'ટેકો પ્લસ' એપ્લિકેશન ડાઉનલોડ કરવા તેમજ ફિલ્ડમાં દરદી સાથે ફરજિયાત સેલ્ફી લઈ ફોટો અપલોડ કરવા સહિતના આદેશો કરવામાં આવતા જામનગરના આરોગ્ય કર્મચારીઓમાં ભારે નારાજગી જોવા મળી હતી.

જામનગર જિલ્લા પંચાયત કચેરી બહાર મોટી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓ એકત્ર થયા હતા અને વિરોધ વ્યક્ત કરી પરિપત્રની નકલો ફાડી નાખી હતી.

જામનગર જિલ્લા આરોગ્ય કર્મચારી મહામંડળના પ્રમુખ વજુભા જાડેજા, મહામંત્રી હરપાલસિંહ ચુડાસમા, કન્વીનર હિતેષભાઈ ચૌહાણ સહિતના આગેવાનો અને ફિલ્ડમાં ફરજ બજાવતા મલ્ટીપર્પઝ મેલ હેલ્થ વર્કર્સે જિલ્લા પંચાયત કચેરી બહાર એકત્ર થઈ કર્મચારીઓ વિરોધી પરિપત્ર પરત ખેંચવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા.

કર્મચારીઓના જણાવ્યા મુજબ તા. ૩૧ જુલાઈના રોજ ગ્રામ્ય આરોગ્ય કમિશનર દ્વારા કરવામાં આવેલા પરિપત્રમાં આરોગ્ય કર્મચારીઓને પોતાના ખાનગી મોબાઈલમાં 'ટેકો પ્લસ' એપ્લિકેશન ડાઉનલોડ કરી દૈનિક ધોરણે આરોગ્ય સેવાઓની રિયલ ટાઈમ એન્ટ્રી કરવા, એક્શન ફોટો તેમજ ફરજના સ્થળેથી દરદી સાથે સેલ્ફી લઈ તે ફોટો ફરજિયાત અપલોડ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત આરોગ્ય કર્મચારીઓને અગાઉ મળતું રૂ. ૪ હજારનું સર્વેલન્સ ભથ્થું પણ બંધ કરવામાં આવતા કર્મચારીઓમાં વધુ રોષ જોવા મળી રહ્યો છે. કર્મચારીઓનું કહેવું છે કે, ખાનગી મોબાઈલનો ઉપયોગ કરાવીને ફરજ બજાવવાનો તથા દરદી સાથે સેલ્ફી લેવાનો આદેશ કર્મચારીઓની ગોપનીયતા અને વ્યક્તિગત અધિકારો સાથે સંકળાયેલો પ્રશ્ન છે.

આ મુદ્દે રાજ્યના આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રાઈટ ટુ પ્રાઈવસી અને રાઈટ ટુ ડિસકનેક્ટના નિયમો હેઠળ રજૂઆત કરવામાં આવી છે. જામનગરના આરોગ્ય કર્મચારીઓએ પણ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓને લેખિત રજૂઆત કરી પરિપત્ર પરત ખેંચવા અને કર્મચારીઓની માંગણીઓનો યોગ્ય ઉકેલ લાવવા માગણી કરી છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, જો રાજ્ય સરકાર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો તા. ૮ સપ્ટેમ્બરે વડોદરા ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને તથા તા. ૧૦ સપ્ટેમ્બરે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવશે.

## કલ્યાણપુરના હરિયાવર પાસે કારની ઠોકરે બાઈક ચાલક યુવાનના મોત

ખંભાળિયા : કલ્યાણપુર તાબેના હરિયાવર ગામના રોડ પર આવેલી હોટલ આશાપુરા પાસે જામનગરના મોટરસાયકલ ચાલક વેપારી યુવાનનું મોટરકારની ઠોકરથી મૃત્યુ નિપજતા પરિવાર ઉપર આભ તુટી પડ્યું છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો જ્યાં મૃતકના પરિવારજનની ફરિયાદના આધારે મોટરકારના ચાલક સામે અપરાધ દાખલ કરી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરમાં પાણાખાણ, ગોકુલનગર વિસ્તારમાં રહેતા વેપારી યુવાન મનસુખભાઈ ગોકળભાઈ સોનગરા ( ઉ. વ. ૪૨ ) ગત તા. ૫ ના રોજ કલ્યાણપુર તાલુકાના હરિયાવરથી આગળ પોતાનું મોટરસાયકલ ચલાવી જઈ રહ્યા હતા ત્યારે જીજે ૦૫ . આર. એક્સ. ૯૦૨૮ નંબરની મોટરકારના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી પાછળથી ઠોકર મારી પછાડી દેતા માથાના અને શરીરના અન્ય ભાગમાં ગંભીર ઈજા થવાથી તેઓનું મૃત્યુ નિપજતા પરિવારમાં કરુણ કલ્પાંત છવાઈ ગયો છે. બીજીતરફ આ બનાવની મૃતકના પરિવારના કાંતિલાલ ગોકળભાઈ સોનગરા એ મોટરકારના ચાલક સામે કલ્યાણપુર પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા પી. એસ. આઈ. કે. પી. ઝાલા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મોટરકારના ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

## જામનગરના લોકમેળામાં ફૂડ વિભાગે ઢોકળા સહિત વાસી ખાદ્ય સામગ્રીનો નાશ

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન મેદાનમાં તા. ૧ થી ૧૧ સપ્ટેમ્બર સુધી આયોજિત શ્રાવણી લોકમેળામાં લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા ખાદ્ય પદાર્થોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન વાસી અને અખાદ્ય જણાયેલી ખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

પ્રદર્શન મેદાનમાં ચાલી રહેલા લોકમેળામાં સાતમ-આઠમના તહેવારો દરમિયાન લાખો સહેલાણીઓએ મેળામાં મોજ માણી હતી. આ દરમિયાન ફૂડ શાખાના નિરીક્ષક એન.પી. જાસોલીયા અને તેમની ટીમ દ્વારા વહેલી સવારે મેળો શરૂ થાય તે પહેલાં વિવિધ ખાણીપીણીના સ્ટોલ પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન ૪૦ કિલો ઢોકળા, ૨૦૦ નંગ પાઉં, ૨ કિલો દહીં, ૨ કિલો તેલ અને ૧૦ કિલો ચટણી વાસી હોવાનું સામે આવતા ફૂડ વિભાગની ટીમે તમામ વાસી ખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરી સંબંધિત સ્ટોલ સંચાલકોને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા તાકીદ કરી હતી.

## જામનગર-રાજકોટ હાઈવે પરથી દારૂની ૧૦ બોટલ સાથે શખ્સ ઝડપાયો

જામનગર : જામનગર-રાજકોટ હાઈવે પર સરમરીયા દાદાના મંદિરથી ખારવા ગામ તરફ જતા માર્ગે દારૂના જથ્થા સાથે ઉભેલા મધ્યપ્રદેશના એક શખ્સને પોલીસે પકડી પાડી ૧૦ બોટલનો જથ્થો જપ્ત કર્યો હતો.

ધ્રોલ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે જાયવા ગામના પાટીયા પાસે બાતમી મળી હતી કે સરમરીયા દાદાના મંદિરથી ખારવા ગામ તરફ જતા માર્ગે એક શખ્સ વિદેશી દારૂ સાથે ઉભો છે. જેના આધારે પોલીસે અલકેશ ઝેતર પચાયા (ઉં.વ.૪૦ રહે. પુજારા ફળિયું, ફટા છોટી ગામ, તાલુકો ભાભરા, જિલ્લો અલીરાજપુર)ને પકડી પાડી દારૂની ૧૦ બોટલ જપ્ત કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## જામનગરના સુભાષબ્રિજ પર ટ્રાફિક જામ થતા ફૂટપાથ પરથી બાઈકો દોડી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં તહેવારની રજા અને મેળાની જમાવટને લઇ શહેરના સુભાષ બ્રિજ પર શનિવારે સાંજે એક કલાકથી વધુ સમય સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જેને લઈને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. આ દરમિયાન કેટલાક ટુ વ્હીલર વાહનચાલકોએ ટ્રાફિકમાંથી નીકળવા માટે ડિવાઇડર (ફૂટપાથ) પરથી જોખમી રીતે વાહનો સડસડાટ ચલાવ્યા હતા. જેના કારણે અકસ્માતની પણ ભીતિ સર્જાઈ હતી.

## સરમત પાટિયા પાસેથી પાંચ બોટલ દારૂ સાથે બે ઝડપાયા

જામનગર : જામનગર-ખંભાળિયા હાઈવે પર આવેલા સરમત ગામના પાટિયા પાસે સિક્કા પોલીસની ટીમે વોચ મોટરસાઈકલ પર વિદેશી દારૂના જથ્થા સાથે નીકળેલા બે શખ્સોને ઝડપી લીધા હતા.

સિક્કા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ સંજયભાઈ ભેડેળાને મળેલી બાતમીના આધારે સરમત પાટિયા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન બાઈકમાં નીકળેલા શખ્સોની તલાસી લેતા કોથળીમાંથી દારૂની પાંચ બોટલ મળી આવી હતી. પોલીસે મીતરાજસિંહ ઉર્ફે કારુ ડોલરસિંહ જાડેજા (રહે. નાના લખીયા, તા.લાલપુર) અને રવીભાઇ ઉર્ફે ગગો વિનેશપરી ગોસાઇ (ઉ.વ.૨૬), રહે. (નાના લખીયા, તા.લાલપુર)ને ઝડપી લીધા હતા. બંને પાસેથી કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પૂછપરછમાં દારૂ જામનગરના વિજયસિંહ જેઠવા પાસેથી લાવ્યા હોવાનું જણાવ્યું હતું.

# જન્માષ્ટમીના પાવન અવસરે દ્વારકાની પાવન ધરા પર સંસ્કૃતિ ઉત્સવ






દ્વારકા : ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે જન્માષ્ટમીના પાવન પર્વની પવિત્ર સંધ્યાએ દ્વારકા ખાતે ભવ્ય "દ્વારકા ઉત્સવ-૨૦૨૬"ની ઉજવણી કરવામાં આવી હતી. હાથી ગેટની પાસે નગરપાલિકા પાર્કિંગ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ આ ઉત્સવમાં સુપ્રસિદ્ધ લોકગાયકો ગીતાબેન રબારી તેમજ ભાવેશભાઈ આહિર અને ટીમ દ્વારા પારંપારિક લોકગીતો અને કૃષ્ણ ભજનોની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બન્યું હતું. જન્માષ્ટમી પર્વેની સર્વેને શુભકામનાઓ પાઠવતા ધારાસભ્ય મુળુભાઇ બેરાએ જણાવ્યું હતું કે, જન્માષ્ટમીના પાવન દિવસે આપણે સૌ જ્યારે ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ ત્યારે આપણી સાંસ્કૃતિક વિરાસતને પ્રતિબિંબિત કરતો દ્વારકા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના "વિકાસ ભી વિરાસત ભી" મંત્રને સાકાર કરતો આ કાર્યક્રમ યોજવા બદલ વહીવટી તંત્ર તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગને અભિનંદન પાઠવું છું. આ તકે ધારાસભ્ય પબુભા માણેકે જણાવ્યું હતું કે, પવિત્ર શ્રાવણ માસની સાથે સાથે જન્માષ્ટમીના પાવન પર્વે સર્વેને શુભકામનાઓ પાઠવું છું. દૂરંદેશી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપણી સંસ્કૃતિના પુનઃ ઉત્થાન માટે રાજ્યના પવિત્ર યાત્રાધામોનો વિકાસ કરી સાંસ્કૃતિક ચેતનાને ઉજાગર કરી છે. જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાએ જન્માષ્ટમી પાવન અવસરે ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશ્નરશ્રી યોગેશ નિરગૂડેએ પ્રાસંગિક ઉદબોધન કરી સૌને આવકાર્યા હતા. દ્વારકાના ઝાંઝરી ગ્રુપ દ્વારા શ્રી કૃષ્ણની દિવ્ય લીલાઓને પ્રસ્તુત કરતી 'મારો દેવ દ્વારકાવાળો' નૃત્યનાટિકાની પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ગૌરીબેન હાથિયા, નગરપાલિકા પ્રમુખ કોમલબેન ડાભી, પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, નિવાસી અધિક કલેકટર એમ.વી.દેસાઈ, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના અધિકારી ગિલ, પ્રાંત અધિકારી વાય.પી. ગઢવી તેમજ સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ, મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના શ્રાવણી મેળામાં પ્રથમવાર ડ્રોન કેમેરાથી રાત્રે નાઈટ વિઝનથી મોનીટરીંગ





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન મેદાનમાં આયોજિત શ્રાવણી લોકમેળાની શરૂઆત બાદ તેહવારોમાં લાખો સહેલાણીએ મેળાની મોજ માણી હતી. પરિવારજનો સાથે આવેલા નગરજનોએ વિવિધ મનોરંજનના સાધનો અને રાઈડની ભરપૂર મજા માણી હતી.

મેળામાં વધતી ભીડને ધ્યાનમાં રાખીને જામનગર પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા અને વ્યવસ્થા માટે વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. ભીડનું નિયંત્રણ, ખિસ્સાકાતરુઓ પર નજર તેમજ કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવને પહોંચી વળવા માટે આ વખતે પ્રથમ વખત ડ્રોન કેમેરાની મદદ લેવામાં આવી છે. દિવસ દરમિયાન ડ્રોન કેમેરા દ્વારા સમગ્ર પ્રદર્શન મેદાન અને મેળા વિસ્તારમાં સતત નજર રાખવામાં આવી હતી. ખાસ કરીને ભીડ કયા વિસ્તારમાં વધુ છે, લોકોની અવરજવર કેવી રીતે થઈ રહી છે અને કોઈ શંકાસ્પદ હિલચાલ તો નથીને તે અંગે આકાશમાંથી નજર રાખવામાં આવી હતી.

એટલું જ નહી, રાત્રિના સમયે પણ પોલીસ દ્વારા નાઈટ વિઝન ક્ષમતાવાળા હાઈટેક કેમેરાથી સજ્જ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અંધારામાં પણ સમગ્ર મેળા વિસ્તારની હિલચાલ પર નજર રાખી શકાય તે રીતે ડ્રોન કેમેરા આકાશમાં ઉડતા જોવા મળ્યા હતા. પ્રદર્શન મેદાનમાં ભરાતા શ્રાવણી લોકમેળામાં મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડતા હોય છે ત્યારે પોલીસની પરંપરાગત સુરક્ષા વ્યવસ્થાની સાથે ટેકનોલોજીનો ઉપયોગ કરીને સુરક્ષાને વધુ સઘન બનાવવામાં આવી છે. દિવસ અને રાત્રિ બંને સમયે ડ્રોનથી થતી આકાશી નજર મેળાની સુરક્ષા વ્યવસ્થામાં પોલીસ માટે 'થર્ડ આઈ' બની રહી છે.

# જામનગરના બેડેશ્વરમાં પિતા-પુત્રી પર ચાર શખ્સોનો હિચકારો હુમલો, કારમાં તોડફોડ

જામનગર : જામનગરના બેડેશ્વર વિસ્તારમાં દીકરીને માર મારવા બાબતે સમજાવવા ગયેલા પિતા પર ચાર શખ્સોએ લાકડાના ધોકાથી હુમલો કરી માથામાં ઈજા પહોંચાડ્યાની તથા બે કારના કાચ તોડી રૂ.૩૦ હજારનું નુકસાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ સીટી બી ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરના બેડેશ્વર વિસ્તારમાં આઝાદ ચોકમાં રહેતા ફરિયાદી ગુલામભાઈ આમદભાઈ કોરેજા (ઉ.વ.૪૦), બંદરેથી મજૂરી કામ કરી ઘરે આવ્યા બાદ તેઓ સૂતા હતા. દરમ્યાન મહિલાઓની રાડારાડ અને દેકારો સાંભળી તેઓ બહાર આવ્યા હતા. ત્યારે તેમની મોટી દીકરી મુસ્કાને તેમને જણાવ્યું હતું કે, પાડોશમાં રહેતા હુસેન હારૂન છેર, કાદર હનીફ છેર, નાસીર હનીફ છેર અને સુલતાન ગની છેર નામના ચાર શખ્સોએ તેને લાતો મારી હતી.

આથી ગુલામભાઈ દીકરીને શા માટે માર માર્યો તે અંગે પૂછવા ગયા હતા. તે સમયે હુસેન અને કાદર હાથમાં લાકડાના ધોકા લઈને ઉભા હતા અને દીકરી તેમના ઘર પાસે આવી ગાળો બોલતી હોવાનો આક્ષેપ કરી ગુલામભાઈ સાથે ગાળાગાળી તથા ઝઘડો કરવા લાગ્યા હતા.

દરમિયાન નાસીર અને સુલતાન પણ આવી પહોંચતાં ચારેય સાથે ઝપાઝપી થઈ હતી. ગુલામભાઈને છોડાવવા તેમના મોટાભાઈ આમીનભાઈ પણ વચ્ચે પડ્યા હતા. તે દરમિયાન હુસેન અથવા કાદરના હાથમાં રહેલો લાકડાનો ધોકો ગુલામભાઈના માથામાં વાગતાં લોહી નીકળ્યું હતું અને તેમને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં માથામાં પાંચ ટાંકા આવ્યા હતા.

આ ઉપરાંત હુમલાખોરોએ ગુલામભાઈ તથા તેમના પરિવારજનોને ગાળો આપી તેમના મોટાભાઈની બલેનો કાર તથા ગુલામભાઈની ઈકો કારના કાચ લાકડાના ધોકા અને પથ્થર મારી તોડી નાખ્યા હતા, પોલીસની ગાડીઓ આવતા ચારેય શખ્સો ત્યાંથી જતા રહ્યા હતા અને પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે સીટી બી ડિવિઝન પોલીસે તમામ હુમલાખોર સામે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નાઘેડી નજીક લહેર તળાવમાં ઝંપલાવી વસઈના યુવાનનો આપઘાત



જામનગર : જામનગર નજીક નાઘેડી પાસે આવેલા લહેર તળાવમાંના જળપ્રવાહમાં ઝંપલાવી વસઇ ગામના યુવાને આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. સ્થાનિક તરવૈયાઓએ પાણીમાં ડૂબેલા યુવાનને કાઢી ૧૦૮ મારફતે ખસેડ્યો હતો આ દરમિયાન તેનું મોત થયાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું.

નાઘેડી નજીકના લહેર તળાવના પાણીમાં રવિવારે સાંજે એક યુવાન બેશુદ્ધ હાલતમાં પડ્યો હોવાની ગામના સરપંચ સુરેશભાઈ બાંભવાને જાણ થતાં તેઓએ ફાયર સ્ટાફને જાણ કરી હતી. બીજી બાજુ કેટલાક સ્થાનિક તરવૈયાઓએ દોડી જઇ પાણીમાં ડૂબેલા યુવકને બહાર કાઢ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે તરત જ શહેરની જીજી હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો, પરંતુ સારવાર મળે તે પહેલા જ યુવાનનું મોત થયાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. બનાવની જાણ થતાં પંચકોષી બી ડિવિઝન પોલીસ દોડી ગઇ હતી. જયા મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકનું નામ રવિરાજસિંહ મહિપતસિંહ ગોહિલ (ઉં.વ. ૨૩ રહે. વસઈ) હોવાનું સામે આવ્યું હતું. મૃતક યુવાનની છેલ્લા કેટલાક સમયથી માનસિક સ્થિતિ સારી ન હોવાથી તેની દવા પણ ચાલુ હોવાનું જાણવા મળ્યું હતું.

# જામનગરમાં બેંકના લોકરમાંથી સોનું સેરવી વેંચવાના પ્રકરણમાં બંને શખ્સો જેલહવાલે

## રૂ.૪૦ લાખના દાગીના અને રોકડ સહિત રૂ.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો, એકની શોધખોળ



જામનગર : જામનગરમાં બેંકના લોકરમાં મૂકેલા સોનાના દાગીના પણ સલામત ન હોય તેમ બેંકના પટ્ટાવાળાએ બેંકના લોકરમાંમાં નકલી દાગીના મૂકી અસલી દાગીના સેરવી લઈ રોકડી કરી લેવા કારસ્તાન રચ્યું હતુ. જો કે, વેંચવા જતી વેળાએ બાજી ઊંધી પડતાં ભાંડો ફુટ્યા બાદ પોલીસે ગુનો નોંધી બે શખ્સોને દબોચી લીધા છે. જેની પાસેથી રૂ.૪૦ લાખના દાગીના અને રોકડ સહિત રૂ.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. આરોપીઓને જેલ હવાલે કરી દેવાયા છે. જ્યારે હજુ એક આરોપી ફરાર છે.

શહેરમાં ગત તા.૦૩/૦૯/ના વિજય આલાભાઈ વઘોરા (રહે. પ્રણામી સ્કુલ બાજુમાં રણજીતસાગર રોડ) નામનો શખ્સ બિલ વગરના સોનાના દાગીના વેચવા માટે માધવ પ્લાઝામાં જતાં પોલીસ સુધી વાત પહોંચી ગઈ અને સ્થાનિક પોલીસે દોડી જઇ આરોપી વિજયની આગવી ઢબે પૂછપરછ હાથ ધરી હતી. તપાસમાં સોનાના દાગીના પોતાના સમાજના અને જાણીતા એવા રણજીતસાગર રોડ ઉપર આવેલ ઈન્ડીયન (અલ્હાબાદ) બેન્કમાં પટ્ટાવાળા હસમુખ દિનેશભાઈ પારીયા (રહે. હર્ષદમીલની ચાલી પ્રણામી ટાઉનશીપ)એ બેન્કના લોકરમાંથી સોનાના અસલ દાગીના ચોરી કરી નકલી દાગીના લોકરમાં રાખી મુકી અસલ દાગીના વેચવા માટે પોતાને આપ્યા હોવાની કબુલાત આપતા બેન્ક મેનેજરને જાણ કરાઈ હતી. જે મામલે રૂ.૩૯.૪૮ લાખના દાગીના ચોરીની ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ હસમુખ દિનેશભાઈ પારીયા અને વિજય આલાભાઈ વઘોરાને પકડી પાડી બન્ને આરોપીઓના રીમાન્ડ મેળવી તપાસ હાથ ધરતા આરોપી પાસેથી રૂ.૪૦,૪૬ લાખના ૩૪૭.૦૯ ગ્રામ સોનાના દાગીના, રોકડા રૂ.૨.૬૦ લાખ તથા મોબાઈલ, ચાવીનો ઝુડો સહિત રૂ.૪૩.૧૬ લાખનો મુદ્દામાલ રીકવર કરી વધૂ તપાસ હાથ ધરી છે. આરોપી રમેશ ભીમજીભાઇ પારીયા (રહે. જામનગર)ને પણ બેંકના પટ્ટાવાળાએ વેંચવા માટે થોડા દાગીના આપ્યા હતા. જે હાલ ફરાર હોવાનું સામે આવ્યું છે.

આરોપીઓએ સ્થાનિક બજારમાં દાગીના વેચ્યા હોવાનું પુછપરછમાં બહાર આવતા પોલીસે ચાંદીબજારમાંથી શકમંદ વેપારીઓની પૂછપરછ કરી આરોપીઓએ વેંચેલા દાગીના રિકવર કર્યા હતા. આરોપી પટ્ટાવાળાએ અસલી સોના જેવા જ સ્થાનિક બજારમાંથી ઈમીટેશનના દાગીના મેળવી લોકરમાં અસલી તરીકે રાખી દીધા હતા. પોલીસ તપાસમાં આરોપી વિજય આલાભાઈ વઘોરા વિરુદ્ધ અગાઉ પણ પોલીસ મથકોમાં ૬ ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. જામનગર સીટી એ ડિવિઝન, સિટી સી ડિવિઝન, સલાયા, વલસાડ-બીલાડ અને અમરેલી-પીપાવાવ પોલીસ મથકમાં પ્રોહિબિશનના ગુના અને ખંભાળિયા પોલીસમાં જુગારધારા, રાજકોટના ભક્તિનગર પોલીસ ચોરી તથા ઘરમથકમાં ચોરી સહિતના ગુના નોંધાયા છે.

# જામનગર શહેરમાં જાહેરમાં કચરો ફેંકતા સેંકડો વેપારીઓ સામે તંત્રની કડક કાર્યવાહી

## ૬૦૦થી વધુ દુકાનદારો પાસેથી રૂ.૫.૫૦ લાખના દંડની વસુલાત : ૩૮૫૦ કોમર્શિયલ એકમોને નોટિસ ફટકારાઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં કોમર્શિયલ એકમો, દુકાનો અને ધંધાકીય સ્થળોની આસપાસ સ્વચ્છતા જાળવવામાં બેદરકારી દાખવનારા તેમજ દુકાન બંધ કર્યા બાદ રાત્રિના સમયે કચરો જાહેરમાં નાંખનારા ધંધાર્થીઓ સામે જામનગર મહાનગરપાલિકા દ્વારા કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મહાનગરપાલિકા કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી કામગીરી દરમિયાન ઓગસ્ટ માસમાં શહેરના આશરે ૩૮૫૦ દુકાનદારો, ધંધાર્થીઓ અને કોમર્શિયલ એકમોને ન્યુસન્સ નોટિસ આપી પોતાના ધંધા-દુકાન આસપાસ સ્વચ્છતા જાળવવા સૂચના આપવામાં આવી હતી.

નોટિસ આપવા છતાં કેટલાક દુકાનદારો અને ધંધાર્થીઓ દ્વારા દુકાનનો કચરો જાહેરમાં નિકાલ કરવામાં આવતો હોવાની ફરિયાદો અને સ્થળ તપાસ દરમિયાન જણાયું હતું. ખાસ કરીને રાત્રિના સમયે દુકાન કે ધંધો બંધ કર્યા બાદ બહાર કચરો નાંખવામાં આવતો હોવાના કિસ્સાઓમાં મહાનગર પાલિકાની ટીમ દ્વારા વહેલી સવારે સ્થળના ફોટોગ્રાફ્સ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ જવાબદારો સામે નિયમ મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન જાહેરમાં ન્યુસન્સ કરવા બદલ ૬૦૦થી વધુ આસામીઓ, દુકાનદારો અને ધંધાર્થીઓ પાસેથી કુલ રૂ.૫.૫૦ લાખ જેટલો દંડ વસૂલવામાં આવ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ કોમર્શિયલ એકમો, દુકાનદારો અને ધંધાર્થીઓને તાકીદ કરવામાં આવી છે કે, પોતાના દુકાન-ધંધા તથા કોમર્શિયલ એકમની આસપાસ સ્વચ્છતા જાળવવી, કચરો પોતાના ડસ્ટબીનમાં જ રાખવો અને મહાનગરપાલિકાના ગાર્બેજ કલેકશન વાહનમાં જ કચરાનો નિકાલ કરવો. જાહેરમાં કચરો નાંખી શહેરની સ્વચ્છતા અને જાહેર આરોગ્યને નુકસાન ન પહોંચાડવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગર જિલ્લામાં જુગારના વધુ ચાર દરોડામાં ૨૪ ખેલૈયાઓ ઝડપાયા, બે ફરાર

જામનગર : જામનગર જિલ્લામાં પત્તાના ખેલ માંડતા શખ્સો સામે ચાલતી પોલીસની કાર્યવાહી દરમિયાન શહેર અને જિલ્લાના વધૂ ૪ સ્થળે દરોડા પાડી પોલીસે જુગાર રમતા ૨૪ શખ્સોને પકડી પાડયા હતા. જ્યારે બે જુગારીઓ ફરાર થઈ ગયા હતા. ચાર સ્થળેથી રૂ.૯૮,૫૧૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

લાલપુર પોલીસે બાઘલા ગામમાં મોટા પીરની દરગાહ સામેના ખુલ્લા પટ્ટમાં તીનપત્તીનો જુગાર રમતા વિશાલ અરવિંદભાઈ રૂપાપરા, રમેશ બાબુભાઈ ભટ્ટી, બસીર ઓસમાણભાઈ નાઈ, કરણા મેઘાભાઈ ખાટરીયા, કારા હાજીભાઈ સમા, રઘુ આંબાભાઈ બોસરીયા અને રહીમ હોથીભાઈ નાઈને રૂ.૧૬,૫૪૦ની રોકડ સાથે પકડી પાડયા હતા.

ઉપરાંત સીટી-સી પોલીસ દ્વારા સાતનાળા સદગુરુ સોસાયટીના હુશેની ચોકમાં જુગાર રમતા દિલીપ ઢાલુમલ સામનાણી, હબીબ ઉમરભાઈ બ્લોચ, ધર્મેશ બળવંતભાઈ ચૌહાણ, હુશેન યુસુફભાઈ સમા, હશન હમીદભાઈ કુરેશી, રફીક હુશેનભાઈ ખુરેશી અને ઈશાક જુમાભાઈ ગજણને રૂ.૩૧,૫૦૦ની રોકડ સાથે પકડી પાડયા હતા.

જ્યારે ધ્રોલ પોલીસે ઢોલીયા પીર જવાના રસ્તે સ્ટ્રીટ લાઇટના અંજવાળે તીનપત્તી રોન પોલીસનો જુગાર રમાતા હુશેન અબ્દુલભાઈ બોઘા અને જાવીદ અબાસભાઈ સુમારીયાને પકડી તેમની પાસેથી રૂ.૨,૦૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

તેમજ જામજોધપુરમાં ઘાસ ગોડાઉન પાસે સ્ટ્રીટ લાઇટના અજવાળામાં તીનપત્તીનો જુગાર રમતા મેહુલ વસ્તાભાઈ પાટડીયા સહિતના ૫ શખ્સો પકડાયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રૂ.૧૩,૪૦૦ અને એક બાઇક મળી રૂ.૪૮,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ભરત ધામેચા અને રમેશ લુદરીયા નામના શખ્સો પોલીસને જોઇ ફરાર થઈ ગયા હતા.

# લાલપુરના જોગવડ ગામે ગૌશાળામાં ગાય સાથે અધમ કૃત્ય કરનાર મજૂર સામે ફિટકાર

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જોગવડ ગામની ગૌશાળામાં શર્મનાક ઘટના સામે આવી છે. એક શ્રમિકે ગાય સાથે અધમ કૃત્ય કર્યાની ફરિયાદ નોંધાતા પોલીસે મજૂર સામે કાર્યવાહી કરી છે. સીસીટીવી તપાસતાં સમગ્ર હકીકત સામે આવ્યા બાદ પોલીસે નરાધમ શખ્સને પકડી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

જોગવડ ગામે આવેલી ગૌશાળામાં તા. ૨ સપ્ટેમ્બરની રાત્રે આશરે એકાદ વાગ્યાના સમયે ફરિયાદી મહિલા પોતાના કાકાના ઘરેથી પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે ગૌશાળા પાસેથી પસાર થતી વખતે જોગવડમાં રહેતો વાસુદેવ કારાભાઈ ઢચા (ઉ.વ. ૪૫) ગૌશાળાની અંદર નગ્ન હાલતમાં જોવા મળ્યો હતો. શંકાસ્પદ હિલચાલ મામલે તા. ૬ સપ્ટેમ્બરે બપોરે ગૌશાળામાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરવામાં આવી હતી. જેમાં તા. ૨ સપ્ટેમ્બરની રાત્રે આશરે એક વાગ્યાના સમયે વાસુદેવ નામનો શખ્સ ગાયો સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતો હોવાનું સામે આવતા ચકચાર મચી હતી. જેના આધારે મામલો પોલીસ મથકે લઈ જવાયો હતો.

ફરિયાદના આધારે પોલીસે આરોપી વાસુદેવને શોધી કાઢી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આરોપી સામે ચોમેરથી ફિટકારની લાગણી વરસી રહી છે. આ બનાવે ભારે હલચલ મચાવી છે, અને ગૌ પ્રેમીઓમાં ભારે કચવાટ જોવા મળી રહ્યો છે.

# જામનગરમાં APK ફાઈલ ડાઉનલોડ કરાવી કોર્ડીનેટરના ખાતામાંથી રૂ.૯.૮૫ લાખ ઉપાડી લીધા

જામનગર : જામનગરમાં સાયબર ઠગોએ નવી મોડસ ઓપરેન્ડી અપનાવી સમર્પણ સર્કલ નજીક રહેતા અને સી.આર.સી. કોર્ડીનેટર તરીકે ફરજ બજાવતા યુવાન સાથે છેતરપિંડી આચર્યાની ચોંકાવનારી ફરિયાદ નોંધાઈ છે. અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં મોકલાયેલી 'એમ-પરિવહન છઢ્ઢ' ફાઈલ ડાઉનલોડ કરાવ્યા બાદ આ છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

જામનગરના સમર્પણ સર્કલ નજીક રહેતા મહેશકુમાર મુરૂભાઈ ખવા તા.૭ જૂન, ૨૦૨૧ના રોજ સાંજે ૭:૩૪ વાગ્યે મહેશકુમારના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી 'એમ-પરિવહન છઢ્ઢ' ફાઈલ સાથેનો વોટ્સએપ મેસેજ આવ્યો હતો. મેસેજ ખોલતાં ચલણ ભરવા માટેની એપ્લિકેશન હોવાનું જણાયું હતું. જોકે, તેમાં ચલણ ભરવાનો વિકલ્પ નહી મળતાં તેમણે તે સમયે ખાસ ધ્યાન આપ્યું ન હતું. દરમિયાન તા.૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૪૨ વાગ્યાથી તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી અલગ-અલગ રકમ ટ્રાન્સફર થવાના મેસેજ મોબાઈલ પર આવવા લાગ્યા હતા. મોબાઈલ નંબર બેંક ખાતા સાથે લિંક હોવાથી ખાતામાંથી કુલ રૂ.૯.૮૫ લાખ ઉપડી ગયાનું જાણવા મળતાં તેમને સાયબર છેતરપિંડીનો ભોગ બન્યાની જાણ થઈ હતી. ખાતામાંથી માત્ર થોડા સમયગાળામાં જ રૂ.૯૯,૦૦૦, રૂ.૪૫,૬૬૪, રૂ.૫૨,૭૭૮, રૂ.૪૩,૯૨૭, રૂ.૯૯,૯૯૯, રૂ.૯૯,૯૯૯ સહિતની અલગ-અલગ રકમોના કુલ ૧૬ વ્યવહારો થયાનું જાણવા મળ્યું હતું. રકમ ઉપડી ગયાની જાણ થતાં મહેશકુમારે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પિંડારા ગામે શ્રાવણી અમાવસ્યાએ મલ્લ કુસ્તી મેળો યોજાશે

દ્વારકા : કલ્યાણપુર તાલુકાના ભાટીયા નજીક આવેલા પિંડારા ગામે પ્રસિધ્ધ પિંડતારક ક્ષેત્રે વર્ષોની પરંપરા અને પાંડવોના સમયથી દર વર્ષે શ્રાવણ માસની અમાસના દિને પિંડારા ગ્રામ પંચાયત દ્વારા મલ્લકુસ્તી મેળો યોજવામાં આવે છે.

આગામી તા.૧૧ સપ્ટેમ્બર, શુક્રવારે શ્રાવણી અમાસના દિવસે આ મેળો યોજાશે. જેમાં દેવભૂમિ દ્વારકા જીલ્લાના ચાર તાલુકાઓ દ્વારકા, કલ્યાણપુર, ખંભાળીયા, ભાણવડ ઉપરાંત જામનગર તથા પોરબંદર જીલ્લાના મલ્લ કુસ્તીબાજો પણ આ મલ્લ કુસ્તી મેળામાં ભાગ લઈ પોતાના કાંડાનું કૌવત બતાવશે. મેળો સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી યોજાશે તેમ પિંડારા ગ્રામ પંચાયતના સરપંચ પાલાભાઈ મારખીભાઈ માડમની યાદીમાં જણાવાયેલ છે. આ સાથે મલ્લ કુસ્તીની વિવિધ રમત ગમતના કાર્યક્રમો સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ટુપણી ગામની પ્રખ્યાત રમેશભાઈની કાન-ગોપી રાસ મંડળી પણ યોજાનાર છે. આ કુસ્તી મેળામાં યોગ્ય પ્રદર્શન કરનાર ખેલાડીને પુરસ્કાર રૂપે ઈનામ આપવામાં આવશે.

# જામનગરમાં પ્રોવિઝન સ્ટોરમાં શોર્ટ સર્કિટથી આગ ભભૂકી



જામનગર : જામનગર શહેર નજીક ઠેબા ચોકડી પાસે આવેલા લુબીનીનગર વિસ્તારમાં ભરબપોરે એક દુકાનના ફ્રિજમાં શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ ભભૂકી ઊઠતા દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જામનગર ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને સમયસૂચકતા વાપરી આગ પર કાબૂ મેળવી લીધો હતો.

મળતી વિગતો મુજબ, ઠેબા ચોકડી નજીક ૧૩૦૫, લુબીનીનગર ખાતે આવેલી એક દુકાન (પ્રોવિઝન સ્ટોર)ના ફ્રિજમાં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનો ઈમરજન્સી કોલ જામનગર ફાયર કંટ્રોલ રૂમને મળ્યો હતો. કોલ મળતાની સાથે જ ફાયર ફાઈટર એક ગાડી સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

ફાયરબ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચીને સતર્કતા સાથે ફાયર ફાઈટિંગ શરૂ કરી હતી અને આગને વધુ પ્રસરતી અટકાવી ટૂંકા સમયમાં જ સંપૂર્ણપણે બુઝાવી દીધી હતી. આગ દુકાનની બહાર કે આસપાસના વિસ્તારમાં ન પ્રસરે તે માટે ફાયર ટીમે તાત્કાલિક કામગીરી હાથ ધરતા મોટી દુર્ઘટના ટળી હતી. ફાયરબ્રિગેડની ઝડપી અને સમયસૂચક કામગીરીના કારણે આસપાસ આવેલી અન્ય દુકાનો તેમજ રહેણાંક વિસ્તાર આગની ઝપેટમાં આવતા બચી ગયો હતો. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

આ ઉપરાંત જામનગરમાં દિગજામ વુલન મિલ રોડ પર આવેલા શિવમ એપાર્ટમેન્ટના ચોથા મળે રહેતા ચંદ્રેશભાઇ નામના વ્યક્તિના ફ્લેટમાં લગાવેલા એસી માં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. ફાયર શાખા ના સ્ટાફે દોડી જઇ સમયસર આગ ને કાબુમાં લઈ લેતાં આગ વધુ પ્રસરતી અટકી હતી, અને સર્વેએ હાસકારો અનુભવ્યો હતો.

# નાઘેડી નજીક તળાવની રેલિંગ સાથે અથડાઈ કારની ગુલાંટ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર નાઘેડી નજીક આવેલા લહેર તળાવ પાસે આજે સવારે એક કારચાલક બેકાબૂ બનતાં અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલી કાર અચાનક કાબૂ ગુમાવી લહેર તળાવ નજીકની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં કાર રેલિંગ સાથે અથડાયા બાદ પલટી મારીને ઊંધી થઈ ગઈ હતી. અકસ્માતની તીવ્રતાને પગલે તળાવની રેલિંગને પણ નુકસાન થયું હતું. આ બનાવમાં કારચાલકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. દરમિયાન, અકસ્માત બાદ ત્યાંથી પસાર થઈ રહેલા અન્ય વાહનચાલક કે વ્યક્તિએ પોતાના મોબાઈલ ફોનમાં પલટી ખાઈને ઊંધી પડેલી કારનો વીડિયો ઉતાર્યો હતો. આ વીડિયો હાલ જામનગરના સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

## જન્મદિન શુભેચ્છા

# ભાવનગરના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભણીયાનો આજે જન્મદિવસ



ભાવનગર-બોટાદ સંસદીય વિસ્તારના લોકપ્રિય સાંસદ તથા ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાનો આજે તા. ૮ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે. ભાવનગર મહાનગરપાલિકાના મેયર પદેથી પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરનાર નીમુબેન આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી તરીકે સફળતાપૂર્વક જવાબદારી નિભાવી રહ્યા છે.

અત્યંત મિલનસાર અને સરળ સ્વભાવ ધરાવતા નીમુબેન બાંભણીયા 'ગ્રાઉન્ડ લેવલ'ના નેતા તરીકે જાણીતા છે અને વિસ્તારના દરેક કાર્યકર્તા તથા મતદારોમાં ભારે લોકપ્રિયતા ધરાવે છે. ભાવનગરની ટ્રેન સુવિધાઓ, વિમાની સેવાઓ તેમજ હોસ્પિટલોને લગતી સેવા-સુવિધાઓના સુધારા સહિત પોતાના સંસદીય ક્ષેત્રના વિકાસ અને લોકપ્રશ્નોના ઉકેલ માટે તેમના પ્રયાસો સતત હકારાત્મક અને પરિણામલક્ષી રહ્યા છે. નોંધનીય છે કે, ભાવનગરના કોઈ મહિલા નેતાને કેન્દ્ર સરકારમાં મંત્રી પદ મળ્યું હોય તેવા તેઓ પ્રથમ રાજનેતા છે. તેમને લીલા ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન કોમલકાંત શર્મા તથા મીડિયા હાઉસ 'સૌરાષ્ટ્ર આસપાસ', 'સૌરાષ્ટ્ર આજતક' અને શો ટાઈમ પરિવારે જન્મદિવસની શુભકામનાઓ પાઠવી છે.


## જામનગર મહાનગરપાલિકા
## ટેન્ડર નોટીસ

જામનગર મહાનગરપાલિકાની ભૂગર્ભ ગટર શાખા (ફોન નં.૦૨૮૮-૨૫૫૦૨૩૧, એક્સ્ટે. નં ૪૦૭, ૫૦૯) માટે નીચે દર્શાવેલ વિગતે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવે છે. જેની વધુ વિગત માટે તા.૦૩/૦૯/૨૦૨૬, ૧૮.૦૦ કલાકથી જામનગર મહાનગરપાલિકાની વેબ સાઈટ https://jmctender.nprocure.com પર જોવા વિનંતી છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | જામનગર શહેરના ભૂગર્ભ ગટર શાખા હસ્તકના નોર્થ ઝોન (વોર્ડ નં.૧,૨,૩,૪ અને ૫) તથા વેસ્ટ ઝોન (વોર્ડ નં.૬,૭ અને ૮) માં જે વિસ્તારમાં ભુગર્ભ ગટર નેટવર્કની સુવિધા ન હોય અથવા તો અપૂર્તિ હોય તેવા વિસ્તારોમાં ભુગર્ભ ગટર નેટવર્ક લગત કામગીરી કરવાનું કામ (SJMMSVY Out Growth Area ગ્રાન્ટ, વર્ષ - ૨૦૨૬-૨૭) | ૧,૫૦,૦૦,૦૦૦=૦૦ (જી.એસ.ટી. સાથે) |
| ૨ | જામનગર શહેરના ભૂગર્ભ ગટર શાખા હસ્તકના ઈસ્ટ ઝોન (વોર્ડ નં.૯,૧૦,૧૧ અને ૧૨ ) સાઉથ ઝોન (વોર્ડ નં.૧૩,૧૪,૧૫ અને ૧૬ ) માં જે વિસ્તારમાં ભુગર્ભ ગટર નેટવર્કની સુવિધા ન હોય અથવા તો અપૂર્તિ હોય તેવા વિસ્તારોમાં ભુગર્ભ ગટર નેટવર્ક લગત કામગીરી કરવાનું કામ (SJMMSVY Out Growth Area ગ્રાન્ટ, વર્ષ - ૨૦૨૬-૨૭) | ૧,૫૦,૦૦,૦૦૦=૦૦ (જી.એસ.ટી. સાથે) |

નં.જેએમસી/ભૂગર્ભ/૩૨/૫૯/૨૦૨૬-૨૭
તા. ૦૩-૦૯-૨૦૨૬

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# 'છોટીકાશી' જામનગરમાં જન્માષ્ટમીએ સાર્વજનિક શોભાયાત્રામાં ઠેર ઠેર મટકી ફોડ-સ્વાગત







તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : છોટીકાશી ગણાતા જામનગરમાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની ૨૦મી ભવ્ય સાર્વજનિક શોભાયાત્રા નીકળી હતી. જેમાં ૨૦ સ્થળોએ મટકી ફોડ અને "કાન્હાને મારું માખણ" આયોજન સાથે ધર્મમય માહોલ જોવા મળ્યો હતો.

છોટીકાશી ગણાતા જામનગરમાં કૃષ્ણ જન્મોત્સવનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સતત ૨૦મા વર્ષે શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર ખાતેથી શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રી, ૧૦૮ શ્રી લક્ષ્મણદેવજી મહારાજ, ૧૦૮ શ્રી દિવ્યચેતન્યજી મહારાજ સહિતના સંતો-મહંતો, મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, દંડક પ્રવિણાબેન રુપડીયા, જિલ્લા ભાજપ અધ્યક્ષ ડો. વિનુભાઈ ભંડેરી, હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુંદભાઈ સભાયા, વેપારી અગ્રણી ભીખુભાઈ વારોતરીયા, શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સાર્વજનિક શોભાયાત્રા સમિતિના કિંજલભાઈ કારસરીયા

સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભાગવતાચાર્ય પ્રહલાદ શાસ્ત્રીજીએ શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-અર્ચના કરાવ્યા બાદ ભવ્ય સાર્વજનિક શોભાયાત્રાનું વિધિવત પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ વર્ષે શોભાયાત્રામાં શ્રી ૫ નવતનપુરી ધામ-ખીજડા મંદિર ટ્રસ્ટ, શ્રી આણદાબાવા સેવા સંસ્થા, મોટી હવેલી- વ્રજ વલ્લભ સોશિયલ ગ્રુપ, શ્રી ગાયત્રી શક્તિ પીઠ, ખોડલધામ, વિશ્વ હિન્દુ પરિષદ - બજરંગ દળ, ગૌ સમ્માન આહ્વાન અભિયાન, જામનગર લોહાણા મહાજન, સમસ્ત બ્રહ્મ સમાજ, જિલ્લા શહેર સૌરાષ્ટ્ર કચ્છ, હરે કૃષ્ણ વાળા (રાજુભાઈ કાન્ત), પ્રણામી ગ્લોબલ સ્કૂલ, હેમંતભાઈ રામભાઈ માડમ મેમોરિયલ ટ્રસ્ટ, હરિદાસ (બાબુભાઈ) જીવણદાસ લાલ ચેરીટેબલ ટ્રસ્ટ, લેઉવા પટેલ સેવા સમાજ, આંતરરાષ્ટ્રીય કુર્મી સેના, સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો ઓપરેટીવ સોસાયટી, સહિતની સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા પોતાના ધાર્મિક ફ્લોટસો સાથે શોભાયાત્રામાં જોડાયા હતા.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની સાર્વજનિક શોભાયાત્રા ખીજડા મંદિર ખાતેથી પ્રસ્થાન કર્યા બાદ હવાઈ ચોક ખાતે ધર્મ ધજા લહેરાવાઈ હતી. ત્યાર બાદ ચાકડા મંદિર પીપળેશ્વર મિત્ર મંડળ, સેન્ટ્રલ બેન્ક, બર્ધન ચોક દરબારગઢ વિસ્તાર, પોસ્ટ ઓફિસ, ચાંદી બજારમાં જામનગર વેપારી મહામંડળના સુરેશભાઈ તન્ના અને તેમની ટીમ દ્વારા શોભાયાત્રાનું સ્વાગત પ્રસાદ વિતરણ કરી મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો હતો. ગણેશ ફળી- પ્રાણનાથ મેડી મંદિર, સજુબા સ્કૂલ વિસ્તાર, વેસ્ટ ઈન્ડિયા, ખાદી ભંડાર, સ્વામિનારાયણ મંદિર પાસે કોઠારી સ્વામી ચતુર્ભુજ સ્વામીજીએ શોભાયાત્રાનું સ્વાગત કરી આવકારી હતી. બાદમાં ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ, પંચેશ્વર ટાવર, સત્યનારાયણ મંદિર રોડ, ઉપરાંત સત્યનારાયણ મંદિર રોડ પર સવાસો વર્ષથી વધુ પ્રાચીન શ્રી સત્યનારાયણ મંદિરનાં મુખ્યાજી રમેશભાઈ તથા શ્રી સત્યનારાયણ સેવા ટ્રસ્ટનાં હોદ્દેદારો અને ભક્તગણ દ્વારા શોભાયાત્રાનું પુષ્પવર્ષા કરી સ્વાગત કરવામાં આવ્યું હતું અને શહેરમાં ૨૦ સથળેએ મટકીફોડના કાર્યક્રમો યોજાયા હતા.

આ વર્ષે ૨૦મી શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની સાર્વજનિક શોભાયાત્રામાં ૨૦થી વધુ આકર્ષક ધાર્મિક ફ્લોટ્સ જોડાતાં સમગ્ર રાજમાર્ગો 'જય શ્રી કૃષ્ણ'ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. 'હર ઘર ભગવા' અભિયાન અને વિવિધ સામાજિક-ધાર્મિક સંસ્થાઓના સહયોગથી શહેરભરમાં કૃષ્ણમયી માહોલ સર્જાયો હતો.

# દ્વારકામાં જન્માષ્ટમીના તહેવાર પર ભીડનો લાભ ઉઠાવી યાત્રિકોને ટાર્ગેટ કરતી ચોર ગેંગ ઝડપાઈ

## રુ. ૭૧૩૧૦ની રોકડ તથા ૧.૧૫ લાખના ૧૪ મોબાઈલ સહિત કુલ રુ. ૧.૮૭ લાખનો મુદામાલ કબજે



દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં તાજેતરમાં જન્માષ્ટમીના તહેવારો દરમિયાન બહારથી આવતા યાત્રાળુઓ શ્રદ્ધાળુઓની ભીડનો લાભ લઈ, નજર ચૂકવીને ચોરી કરતી બે ગેંગના ૧૫ શખ્સોને એસઓજી પોલીસે ઝડપી લઈ તેઓ પાસેથી કુલ રૂ. ૧.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ એસ.ઓ.જી. પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ યાત્રાધામ દ્વારકામાં જન્માષ્ટમી પર્વની કરવામાં આવેલી ભવ્ય ઉજવણીમાં દેશ-વિદેશની લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ, યાત્રાળુઓ આવતા હોય છે. જેને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાના વડપણ હેઠળ એલસીબી, એસઓજીતથા સ્થાનિક પોલીસ દ્વારા સાધન સુરક્ષા વ્યવસ્થા તેમજ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ વચ્ચે અહીં પીક પોકેટિંગ, ચેન સ્નેચિંગ તેમજ ચોરી કરતા શખ્સો અંગે ખાસ માહિતી મેળવી અને યાત્રિકોની ભીડનો લાભ લઈ, નજર ચૂકવી ચોરી કરતા શકમંદોને ઝડપી લેવાની કાર્યવાહી ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

દરમ્યાન મળેલી બાતમીના આધારે અમદાવાદ તથા આસપાસના વિસ્તારમાંથી ભૂતકાળમાં અન્ય જિલ્લાઓમાં ચોરી, લૂંટ, પિક પોકેટિંગ, ચેન સ્નેચિંગ જેવા ગંભીર ગુનાઓમાં વારંવાર પકડાયેલા શખ્સો દ્વારકા ખાતે આવ્યા હોય, જેથી દ્વારકા દર્શનાર્થીઓના ખિસ્સા હળવા કરનારી જુદી જુદી બે ચોર ટોળકીના ૧૫ શખ્સોને ઝડપી લેવામાં આવી હતી.

જેમાં જન્માષ્ટમીના દિવસે અમદાવાદની ચીટર ગેંગ ટોળકીના દીપક ઉર્ફે પંપો મનોજભાઈ દંતાની, આશિષ મહેન્દ્ર દેશભ્રાતર, દીપક ગોપાલ દંતાનીયા, શની ઈશ્વર દંતાની, રૂપેશ શંકર ઠાકોર, રાજેશ ગરીબદાસ દેવીપુજક, રમણ વાડીલાલ દંતાણી, દીપક રાજુ કંકોડિયા અને રુદ્ર સુનિલ રાવલ નમના નવ શખ્સોને જ્યારે અન્ય એક ગેંગના અમદાવાદના છ શખ્સો જેમાં અજય હસુ દંતાણી, હર્ષદ કાળુ મારુ, કરણ ગોપાલ દંતાણીયા, કરણ ગોવિંદ દેવીપુત્ર, રવિ જગદીશભાઈ અને શનિ અશોક દંતાણી મળી કુલ ૧૫ શખ્સોને દબોચી લીધા હતા.

પકડાયેલા તમામ શખ્સો પાસેથી પોલીસે રૂ. ૭૧,૩૧૦ ની રોકડ રકમ તથા રૂપિયા ૧,૧૫,૫૦૦ની કિંમતના ૧૪ મોબાઈલ ફોન અને અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ. ૧.૮૬,૮૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલા આરોપીઓની પોલીસ દ્વારા આગવી ઢબે પૂછપરછ કરવામાં આવતા આરોપીઓ એકબીજાની મદદગારી કરી અને દ્વારકાધીશ મંદિર તથા આસપાસના ભીડભાડવાળા વિસ્તારોમાંથી અગાઉ ટાર્ગેટ કરેલા યાત્રિકોની નજર ચૂકવીને ચોરી કરતા હોવાની કબુલાત આપી હતી. પોલીસની વધુ તપાસમાં ઝડપાયેલા આરોપીઓના ગુનાહિત ઈતિહાસમાં મોટાભાગના શખ્સો અગાઉ ઘરફોડ ચોરી, ટ્રેનમાં રાત્રે યાત્રિકોના સરસામાનની ચોરી, ખિસ્સામાંથી રોકડ રકમની ચોરી કરવી તથા પાકીટ ચોરી, નજર ચૂકવીને સોના ચાંદીના દાગીનાની ચોરી, ચેન સ્નેચિંગ, ભંગાર ચોરી, મારામારી, પ્રોહીબિશન વિગેરે જેવા ગંભીર પ્રકારના ગુનાઓમાં એકથી વખત ઝડપાયા હોવાનું જાહેર થયું છે. પકડાયેલા આરોપીઓ સામે દ્વારકા પોલીસ મથકમાં બી.એન.એસ.ની કલમ ૧૦૬ વિગેરે મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી.ના પી.આઈ. વી.એ. રાણા, પી.એસ.આઈ. વી.એન. સિંગરખીયા, એ.એસ.આઈ. રાજભા જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા, અશોકભાઈ સવાણી, ભીખાભાઈ ગાગીયા, ઈરફાનભાઈ ખીરા, પૃથ્વીરાજસિંહ વાઘેલા, કિશોરસિંહ જાડેજા, ભરતભાઈ બેડીયાદરા, નિતેશભાઈ સાદીયા, હરદાસભાઈ મોવર, યોગરાજસિંહ ઝાલા, કૃષ્ણરાજસિંહ જાડેજા, લખમણભાઈ આંબલીયા, દિનેશભાઈ ચાવડા અને જગદીશભાઈ કરમુર દ્વારા કરવામાં આવી

# જામજોધપુર નજીક ઈકો કારની હડફેટે બાઈક સવાર બે ભાઈઓ ઘાયલ, એકનું મોત

જામનગર : જામજોધપુર તાલુકાના વરવાળા ગામથી આગળ જામજોધપુર તરફ જવાના રસ્તે ગોલાઈ પાસે પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી દોડાવવામાં આવી રહેલી ઈકો કારના ચાલકે સામેથી મોટરસાઈકલને ટક્કર મારતાં બે ભાઈ અકસ્માતનો ભોગ બન્યા હતા. જેમાં મોટાભાઈ મેરૂભાઈ અશોકભાઈ સાંથલપરાને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે નાના ભાઈ વિશાલ અશોકભાઈને પણ પગમાં ઈજા થઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ જામજોધપૂરના મહેકી ગામે રહેતા મેરૂભાઈ અને તેમના નાના ભાઈ વિશાલ બંને સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં. જીજે-૦૩-એપી-૩૧૩૪ પર સતાપર ગામે કામ અર્થે ગયા હતા. કામ પૂર્ણ કરી બંને ભાઈ પરત ફરી રહ્યા હતા ત્યારે વરવાળા ગામથી આગળ ગોલાઈ પાસે જીજે-એચએસ-૧૫૫૦ નંબરની સફેદ રંગની ઈકો કારના ચાલકે વાહન પૂરપાટ ઝડપે, બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારી સામેથી તેમની મોટરસાઈકલ સાથે અથડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં વિશાલના જમણા પગમાં સાથળના ભાગે ઈજા થઈ હતી, જ્યારે મેરૂભાઈને જમણા પગમાં ગંભીર ઈજા ઉપરાંત માથાના પાછળના ભાગે મુંઢ ઈજાઓ થઈ હતી. ગંભીર રીતે ઘવાયેલા મેરૂભાઈનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે મહેકી ગામે રહેતા અશોકભાઈ સાંથલપરાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ઈકો કારના ચાલક સામે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ વીરેન્દ્રસિંહ રાજનસિંહ જાડેજાએ તપાસ હાથ ધરી છે.

## કાલાવડના આણંદપર નજીક કાર અને મોપેડ વચ્ચે ટક્કર : યુવાનના મોત

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના આણંદપર ગામ નજીક કાલાવડ-રાજકોટ હાઈવે પર કોલેજ સામે રોડ ક્રોસ કરતી વખતે મોપેડને કારચાલકે ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં મોપેડ સવાર યુવાનું સારવારમાં મોત થતા અરેરાટી વ્યાપી ગઈ છે.

વિગત અનુસાર મૂળ ઓડિશાના વતની અને હાલ આણંદપર ગામે મહાવીર લુબ્રિકન્ટ્સમાં પરિવાર સાથે રહી મજૂરીકામ કરતા મનોજભાઈ રાજારામ માજી નામનો ૩૬ વર્ષીય યુવાન તા. ૪ સપ્ટેમ્બરની રાત્રે તેમના મિત્ર શિવવિરસિંઘ શ્યામસિંઘ સાથે મોપેડ નં. જીજે-૦૩-જેએફ-૯૭૪૯ પર આણંદપર ગામમાં ઘરવખરીનો સામાન લેવા જતા હતા. દરમિયાન હાઈવે પર કોલેજ સામે રોડ ક્રોસ કરતી વેળાએ રાજકોટ તરફથી આવતી સફેદ કાર નં. જીજે-૦૫-સીઆર-૦૦૭૨ના ચાલકે કાર પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી મોપેડને ટક્કર મારી હતી. અકસ્મતમાં મોપેડ પાછળ બેઠેલા મનોજભાઈ રોડ પર પટકાતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થઈ હતી, જ્યારે મોપેડ ચલાવતા તેમના મિત્રને સામાન્ય ઈજા થઈ હતી. અકસ્માત બાદ કારચાલકે કાર આગળ ઉભી રાખી ઈજાગ્રસ્તોની પાસે આવી થોડો સમય રોકાયા બાદ ત્યાંથી ચાલ્યો ગયો હતો. ઈજાગ્રસ્ત મનોજભાઈને સારવાર માટે રાજકોટની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પત્ની માનસીબેન મનોજભાઈ માજીની ફરિયાદના આધારે કારચાલક સામે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયા-જામનગર માર્ગે અજાણ્યા વાહન હડફેટે યુવકનું મોત

ખંભાળિયા : ખંભાળિયા - જામનગર હાઈવે પર આવેલ ખાનગી કંપની પાસે અજાણ્યા વાહન ચાલકે મોટરસાયકલ ચલાવી જતા વાડીનાર ગામના યુવકને હડફેટે લઈ મોત નિપજાવતા મૃતકના પરિવારમાં માતમ પ્રસરી ગયો છે. આ બનાવની જાણ થતા વાડીનાર મરીન પોલીસ કાફલો સ્થળપર દોડી ગયો હતો અને અજાણ્યા વાહન ચાલક સામે ગુન્હો નોંધી વધુ તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામે આવેલ ગંઢાર પાળો ખાતે રહેતો હસનેન જુનશભાઈ ગંઢાર નામનો ૧૯ વર્ષનો યુવક ગત તા. ૪ ના રોજ પોતાનું જી. જે. ૩૭. આર. ૭૯૭૦ નંબરનું મોટરસાયકલ ચલાવી જામનગર - ખંભાળિયા હાઈવે પર આવેલ આઈ. ઓ. સી. એલ. કંપનીથી આગળ જતો હોય દરમિયાન ત્યાંથી પૂરઝડપે નીકળેલા એક અજાણ્યા વાહન ચાલકે તેને ઠોકર મારી પછાડી દેતા માથામાં અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નિપજ્યું હતું. બીજીતરફ આ બનાવની જાણ થતા વાડીનાર પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઇ .સી.આર રાણા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો.

# જામનગરમાં લોનના બહાને દસ્તાવેજો મેળવી એકાઉન્ટ ખોલાવી દોઢ કરોડનું કૌભાંડ

## યુવાન, ભાઈ-ભાભીની જાણ બહાર બેંક એકાઉન્ટ ખોલાવી સાયબર ફ્રોડના નાણાં ફેરવી નાખ્યા : કર્ણાટકા બેંકના કર્મચારી સહિત ત્રણ સામે ફરિયાદ : લોન નહીં થાય કહી દસ્તાવેજોનો દુરુપયોગ

જામનગર : જામનગરમાં લોન કરાવી આપવાના બ્હાને ૪ ચોપડી પાસ શ્રમિક યુવાન અને તેના પરિવારના ડોક્યુમેન્ટ, સહી મેળવી લઈ કર્ણાટકા બેંકના કર્મચારી સાથે સંપીને આરોપીઓએ મહાકૌભાંડ આચર્યાની ચોંકાવનારી ફરિયાદ નોંધાઈ છે. આરોપીઓએ યુવાન અને તેના ભાઈ-ભાભીની જાણ બહાર બારોબાર બેંક એકાઉન્ટ ખોલી સાયબર ફ્રોડના રૂ.૧.૫૦ કરોડની હેરાફેરી કરી નાખ્યાનું પ્રકરણ ઉઘાડું પડ્યું છે.

માધાપર ભુંગામાં રહેતા અને મજૂરી કામ કરતા અસલમ દાઉદભાઈ ભગાડ (ઉ.વ.૨૭)ને વર્ષ ૨૦૨૫માં બેડેશ્વરમાં આવેલી એક હોટેલમાં મજૂરી કામ વેળાએ રૂપિયાની જરૂરિયાત ઊભી થતાં તેઓએ હોટેલ માલિક અસગરને વાત કરી હતી આ વેળાએ હોટલ માલીકે પોતાના મિત્ર એવા આરોપી ફૈજલનો સંપર્ક કરાવ્યો હતો. તેના કહેવાથી અસલમ પોતાના ભાઈ અને ભાભી સાથે કુબેર એવેન્યુ ખાતેની કર્ણાટકા બેન્કની બ્રાંચે ગયા હતા. ત્યારે બેંકના કર્મી રઘુએ અસલમ અને તેના ભાઈ-ભાભીના ડોક્યુમેન્ટ લઈ અલગ અલગ ફોર્મમાં સહી કરાવી લીધી અને ફૈજલના કહેવાથી બે મોબાઈલ સિમ પણ લઈને તેઓને આપ્યા હતા. બાદમાં ૪ દિવસ બાદ અસગરે ફોન કરી કહ્યું કે તમારો સીબીલ ખરાબ છે લોન થશે નહી.

આમ લોન કરી આપવાના બહાને આરોપીઓએ ડોક્યુમેન્ટ મેળવી જાણ બહાર કર્ણાટક બેંકમાં સ્ટાર મોબાઈલ, ફરિયાદીના ભાઈ અકરમના ડોક્યુમેન્ટ થકી સહારા મોબાઈલના નામથી અને તેમની ભાભીના નામે અલગ અકાઉન્ટ ખોલાવી ત્રણેય બેંક અકાઉન્ટમાં તા.૨૦/૦૫/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ સુધીમા આશરે રૂ.૧.૫૦ કરોડના સાયબર ફ્રોડના નાણાની હેરાફેરી કરી નાખી હતી. હાલ પોલીસે અસલમની ફરિયાદના આધારે આરોપી અસગર અબ્દુલ ચમડીયા, ફૈજલ ખફી અને કર્ણાટકા બેન્ક, કુબેર એવેન્યુ બ્રાંચના બેંક કર્મચારી રઘુ સહિતના સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફેબ્રુઆરી ૨૦૨૬માં છત્તીસગઢ રાજયના બચેલી પોલીસ મથકમાં સાયબર ફ્રોડનો ગુનો નોંધાયા બાદ ત્યાંની પોલીસ જામનગર આવી ફરિયાદીના ભાઈ અકરમને ઉઠાવી ગઈ હતી આ વેળાએ ફરિયાદીને પોતાના ડોક્યુમેન્ટના આધારે આરોપીઓએ કરેલા ગુનાહીત વિશ્વાસઘાતનું ભાન થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. જેની હાલ પોલીસ ઊંડાણપૂર્વકની તપાસ કરી રહી છે.

# જામનગરમાં જૈનોના પર્યૂષણ પર્વનો આજથી શુભારંભ





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : સમગ્ર વિશ્વમાં આજથી જૈનોના પર્યૂષણ પર્વ શરુ થઈ ગયા છે. ત્યારે જૈનોમાં તપ-જપની આરાધના કરવામાં આવતી હોય છે. જામનગર શહેરમાં પણ આજથી જૈનોના તમામ સંઘોમાં જિનાલયોમાં સવારથી પૂજા-દર્શન કરવામાં લાઈનો લાગી હતી. ભગવાનની પક્ષાલ પૂજા પણ સવારના વ્હેલી કરવામાં આવી હતી. તપસ્વીઓ મહારાજશ્રી પાસે પચ્ચખાણ લેવા આવે છે. શહેરના દરેક સંઘમાં ભાઈઓ-બહેનો, બાળકો દ્વારા તપસ્યાઓ કરવામાં આવી રહી છે. આજે સાંજે ૭ વાગ્યાથી પ્રતિક્રમણ કરવામાં આવશે. પ્રતિક્રમણ બાદ ભાવના (ભક્તિ ગીત) ભણાવવામાં આવશે. શહેરના દેરાવાસી-સ્થાનકવાસી તમામ સંઘોના આજથી પર્યૂષણ પર્વ સાથે જ છે. જેની ધર્મની આરાધના કરવાનો અનેરો માહોલ જોવા મળી રહ્યો હતો. શહેરના ચાંદીબજારમાં આવેલ શેઠજી જિનાલયની બાજુમાં પાઠશાળામાં બિરાજમાન આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી મેઘદર્શનવિજયજી મહારાજ સાહેબ દ્વારા પર્યૂષણ પર્વના પ્રથમ દિવસે આજનું વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સંઘના ભાઈઓ-બહેનો, બાળકો ઉપસ્થિત રહ્યા હતાં. સાધ્વીજી ભગવંતોના ઉપાશ્રયમાં પણ વ્યાખ્યાનો યોજાયા હતાં. આ ઉપરાંત શહેરના પેલેસ જિનાલય, પટેલ કોલોની સંઘમાં પણ જિનાલયમાં પૂજા-દર્શન કરવા લોકો મોટી સંખ્યામાં જોવા મળ્યા હતાં. પટેલ કોલોની સંઘમાં પણ મુનિ શ્રી પદ્મવલ્લભવિજયજી મ.સા. તથા મુનિ શ્રી દેવર્ષીવલ્લભવિજયજી મ.સા.ની નિશ્રામાં વ્યાખ્યાન યોજાયું હતું. શહેરના સ્થાનકવાસી ઉપાશ્રયોમાં પણ આજે વ્યાખ્યાનો યોજાયા હતાં.





અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત સપ્ટેમ્બર-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૮ જિલ્લાઓ અમદાવાદ, અમદાવાદશહેર, બોટાદ, દાહોદ, દેવભૂમિ-દ્વારકા, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વલસાડ, વાવ-થરાદ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૪ જિલ્લાઓ ભાવનગર, મહીસાગર, પંચમહાલ, વડોદરા માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર/મકાઇ | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર/મકાઇ | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૨ જિલ્લાઓ અમરેલી, ગીર સોમનાથ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૪ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૧ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, ડાંગ, ખેડા, મહેસાણા, નર્મદા, સાબરકાંઠા, તાપી માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઇ/બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | મકાઇ/બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |

સપ્ટેમ્બર -૨૦૨૬ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી."
- રમણભાઈ સોલંકી, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.